


# આર્ષદ્રષ્ટા

## ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર



# આર્ષદ્રષ્ટા

## ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર




**પ્રકાશક** : માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**લેખન - સંપાદન** : ડૉ. પી. જી. જ્યોતિકર

**મુદ્રક** : સરકારી ફોટો લિથો પ્રેસ, અમદાવાદ.

**પુનઃ મુદ્રણ વર્ષ** : ૨૦૨૫-૨૬

**નોંધ : આ પુસ્તકમાં સમાવિષ્ટ વિગતો અને તસવીરોનો આધાર લેખકના વાંચન, અનુભવ અને સંગ્રહ છે એની સાથે રાજ્ય સરકાર સંમત જ છે એમ માનવું નહીં.**



ભારતમાં અર્થશાસ્ત્ર વિષય સાથે ડૉક્ટરેટ કરનાર પ્રથમ નાગરિક, ભારતીય બંધારણના નિર્માતા, વિશ્વવિભૂતિ મહામાનવ એવા ભારતરત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર દલિત, પીડિત અને વંચિત સમાજ માટે સતત સંઘર્ષરત રહી માત્ર ગરીબોના જ નહીં પરંતુ પ્રત્યેક માનવીના બંધારણીય હક માટે લડનારા મહારથી હતા. ભારતીય રાજકારણના ઇતિહાસમાં તેમનું યોગદાન દલિતોના ઉદ્ધાર સહિત કાયદા તથા અર્થવ્યવસ્થાની બાબતોમાં રહ્યું હતું. આર્ષદ્રષ્ટા અને આજીવન કર્મયોદ્ધા રહેલા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરે શ્રમ અને રોજગારને ગૌરવ અપાવી રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે દરેકને પોતાના મૂળભૂત અધિકારો મળી રહે તેવી સર્વોત્તમ વૈધાનિક વ્યવસ્થા ભારતીયો માટે ઊભી કરી આપી.


દેશના આ સૌથી પહેલા કાયદા પ્રધાને મહિલાઓના મૂળભૂત અધિકારો અને ગૌરવ અને ગરિમા સહિત સશક્તીકરણ ઉપરાંત મહિલાઓના કાયદામાં આમૂલ પરિવર્તન લાવી સુરક્ષા બક્ષી તે બદલ દેશ હંમેશ માટે આભારી છે. તેમના અનમોલ કાર્યોને ઉજાગર કરવાના ઉદ્દેશથી રાજ્યની માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના જીવન-કવન પર આધારિત પુસ્તિકા **"આર્ષદ્રષ્ટા"** પુનઃ મુદ્રિત કરવામાં આવી રહી છે તે આનંદની વાત છે. ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના આદર્શો આજની પેઢી જાણે, સમજે અને તેમણે કંડારેલા માર્ગે ચાલે તે માટે આવાં પુસ્તકો વાંચકો સુધી પહોંચે તે આવશ્યક છે. પુસ્તિકાના પુનઃપ્રકાશન અને તેની સફળતા માટે શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું.

આપનો,

**(ભૂપેન્દ્ર પટેલ)**

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

# સંદેશ



ભારતની રાજકીય અને સામાજિક ઈતિહાસગાથા એવા મહાન વ્યક્તિત્વોની સાક્ષી છે જેમણે આપણા દેશની આઝાદીથી લઈને બંધારણના ઘડતર સુધી મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેમાં ડૉ. ભીમરાવ રામજી આંબેડકરનું નામ અગ્રેસર છે. જેઓ માત્ર એક સમાજસુધારક નહોતા, પરંતુ એક દ્રષ્ટિવાન રાજનીતિજ્ઞ, અર્થશાસ્ત્રી, ન્યાયપ્રેમી વિદ્વાન અને માનવ અધિકારના આગેવાન હતા.

ડૉ. આંબેડકરે ભારતના બંધારણને આકાર આપીને દેશને લોકશાહીનો મજબૂત આધારસ્તંભ આપ્યો. તેમની વિચારધારા આજે પણ યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત છે. તેમની દીર્ઘદ્રષ્ટિ અને કાર્યો આપણને સાર્વભૌમ માનવતાવાદ અને સમતાની દિશામાં આગળ વધવાનો માર્ગ બતાવે છે. ડૉ. આંબેડકરનો જીવન સંદેશ છે કે શિક્ષણ, સંગઠન અને સંઘર્ષ - આ ત્રણથી પરિવર્તન શક્ય બને છે.

"આર્ષદ્રષ્ટા" ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર પુસ્તિકા ડૉ. આંબેડકરના વિચારો અને જીવનના વિવિધ પાસાંઓને પ્રકાશિત કરે છે. તેઓના વિચારોએ સમાજને જે દિશા આપી, તે દિશામાં અડગપણે આગળ વધવું એ આજની પેઢીની જવાબદારી છે. સ્વર્ગસ્થ ડૉ. પી.જી. જ્યોતિકરે આ પુસ્તકના લેખન-સંપાદનનું કાર્ય કર્યું હતું. વર્તમાનમાં આ પુસ્તિકાની ખૂબ માંગ છે ત્યારે ડૉ. જ્યોતિકરના અભ્યાસને બિરદાવતા આ પુસ્તિકાનું પુન:મુદ્રણ થઈ રહ્યું છે. મને આશા છે કે પ્રબુધ્ધ નાગરિકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અભ્યાસુઓ માટે આ એક ઉપયોગી સંદર્ભ સાહિત્ય બની રહેશે.

પુસ્તકના પ્રારંભમાં ડૉ. આંબેડકરના ગુજરાત સાથેના સંબંધો-ઋણાનુબંધની વિસ્તૃત વિગતો આપી છે. સાથોસાથ ગ્રંથને અંતે ડૉ. આંબેડકરના જીવનના ઘટનાક્રમથી ગુજરાતી પ્રજા સમક્ષ તેમના જીવન વિશેની જાણકારી પ્રસ્તુત કરી છે. આ પુસ્તક સામાન્ય પાઠકોમાં રસ જગાવશે સાથોસાથ સંશોધકોને પણ ઉપયોગી નીવડશે એવી મને આશા છે.

**કે.એલ.બચાણી, IAS**
માહિતી નિયામક

# પ્રાસ્તાવિક

संघर्ष-भीमाय नमो नमस्ते नमो भारतरत्नाय भीमरावमहात्मने।
भारतार्थे कृतं येन संविधानं महाद्भुतम् ॥ १ ॥
अस्पृश्यता शापविमोचकाय अन्याय वैषम्य विनाशकाय।
मनुष्यताधर्म निबोधकाय संघर्ष-भीमायमनो नमस्ते ॥ २ ॥
नर्मित नवचैतन्यं, नष्टा दालित्य-भावना ।
यत्कृपा तमहं वन्दे भीमं भारत भूषणम् ॥ ३ ॥

''જેમણે ભારત માટે મહા અદ્‌ભુત સંવિધાનનું સર્જન કર્યું તે ભારતરત્ન મહાત્મા ભીમરાવ આંબેડકરને નમન! અસ્પૃશ્યતાના અભિશાપથી મુક્તિ અપાવનાર, અન્યાય અને અસમાનતાનો નાશ કરનાર તથા માનવધર્મનો બોધ કરનાર સંઘર્ષવીર ભીમરાવને કોટિકોટિ નમન! જેમની કૃપાએ નવચૈતન્યનું નિર્માણ થયું, દલિતપણાની દાલિત્ય ભાવના જેમનાથી સમાપ્ત થઈ તે ભારત ભૂષણ ભીમરાવને હું વંદન કરું છું''

- (બા. છો. ગોવિંદેકર)

બહુરત્ન વસુંધરા - ભારતમાતાના આવા જ એક પ્રજ્ઞાપુરુષ માનવગૌરવસમા વિરલ વિભૂતિ ડૉ. ભીમરાવ રામજી આંબેડકર. જેને લોકો માનથી **'બાબાસાહેબ આંબેડકર'** તરીકે ઓળખે છે. તેમનું સચિત્ર જીવનચરિત્ર શબ્દદેહે આ પુસ્તક આકાર પામ્યું છે.

એક અસ્પૃશ્યના દીકરાએ પોતાના પ્રબળ પુરુષાર્થથી વિશ્વની વિદ્યાપીઠોની ઉચ્ચત્તમ પદવીઓ પ્રાપ્ત કરી અને રાષ્ટ્રની અપ્રતિમ સેવા કરી તેમજ ત્યાગ અને સમર્પણથી રાષ્ટ્રનાં ઉચ્ચત્તમ શિખરો સર કરી **'કાલજયી'** મહાપુરુષોની હરોળમાં પોતાનું સ્થાન મક્કમ રીતે પ્રસ્થાપિત કર્યું છે.

યુગપુરુષ ડૉ. આંબેડકર પોતાના વિચારો અને કાર્યોથી વીસમી સદી ઉપર અમીટ છાપ મૂકી ગયા છે. ભારતીય સમાજના વંચિતોના વિશાળ વર્ગને રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક-માનવીય અધિકારો અપાવવા માટે આજીવન-અવિરત સંઘર્ષ કરી વંચિતોને તેમના અધિકારો અપાવીને જ રહ્યા. આયખાના અંતમાં શાસ્તા બુદ્ધનું શરણું સ્વીકારનાર બોધિસત્ત્વ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જીવનગાથા- જ્ઞાનીઓ માટે જ્ઞાનપીઠ, વિદ્યાર્થીઓ માટે વિદ્યાપીઠ, યાત્રિકો માટે તીર્થસ્થાન, સાહિત્ય માટે નૂતન વિભાવના અને પ્રવૃત્તિશીલો માટે પ્રેરણાસ્રોત પુરવાર થઈ છે.

આ પુસ્તકમાં ડૉ. આંબેડકરને જીવંત કરતાં ઐતિહાસિક ચિત્રો સાથે મહત્ત્વપૂર્ણ દસ્તાવેજી પરિચય-સમજણ આપી તેની ઉપયોગિતામાં ઉમેરો કર્યો છે, જેથી આર્ષદ્રષ્ટા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનાં વિચારો અને કાર્યોથી પાઠકો પરિચિત થઈ શકશે. આ પુસ્તક પ્રસિદ્ધ કરવાની પ્રક્રિયામાં માહિતી નિયામકશ્રીએ આપેલા સહયોગનો સાભાર ઉલ્લેખ કરવો ઘટે. તેવી જ રીતે આ ગ્રંથમાં જે અન્ય ગ્રંથનો સહારો લીધો છે, તેના લેખકો તેમજ પ્રકાશકોનો પણ હું હૃદયપૂર્વકનો આભારી છું. સવિશેષ લોકવાંડમય પ્રકાશન ગૃહ (મુંબઈ)નો ગ્રંથ ''ડૉ. આંબેડકર'' આ પ્રકાશન માટે અત્યંત ઉપયોગી નીવડ્યો છે તેનો ઋણ સ્વીકાર કરું છું. મારા મિત્ર શ્રી વિજય સુરવાડેએ તેમના સંગ્રહમાંથી મને આપેલી અલભ્ય તસવીરો તેમજ સાહિત્યનો આ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે, તેમનો પણ ઋણ સ્વીકાર કરું છું.

**- ડૉ. પી. જી. જ્યોતિકર**

# ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર અને ગુજરાત...

ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનો ગુજરાત સાથે ઘનિષ્ઠ નાતો રહ્યો છે. અપૂર્વ ઋણાનુંબંધ સંબંધો હતા જેની તારીખી તવારિખ...

- ઈન્ટર (૧૯૦૯) પછીના અભ્યાસ માટે વડોદરાના પ્રજાવત્સલ રાજવી સયાજીરાવ ગાયકવાડે (ત્રીજા) શિષ્યવૃત્તિ આપી, પરિણામે કૉલેજ અભ્યાસ - ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું.
- મુંબઈની એલ્ફિસ્ટન કૉલેજની કેન્ટીનમાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવવાની ઝુંબેશ કરનાર ગુજરાતી ભટ્ટ મહોદયે આંબેડકરને કેન્ટીનમાં પ્રવેશ કરાવ્યો.
- ગ્રેજ્યુએટ ભીમરાવ આંબેડકરને વડોદરામાં જ પ્રથમ નોકરી મળી, વળી મહારાજા સયાજીરાવ ગાયકવાડે (૧૮૬૩-૧૯૩૯) પેટલાદના શિવરામ જેરામના અવસાન નિમિત્તે ખાલી પડેલી જગ્યા ઉપર તેમની રાજ્યની કાયદા કાઉન્સિલ Legislatureમાં પ્રતિનિધિ તરીકે નિમણૂક કરી (તા.૨૪ એપ્રિલ, ૧૯૧૩). આ સમયે તેઓ કારોલબાગના અંત્યજ છાત્રાલયમાં રહેતા હતા જેના ગૃહપતિ આર્યસમાજી આત્મારામ અમૃતસરી હતા.
- વિદેશ અભ્યાસ માટે પણ મહારાજા સયાજીરાવ ગાયકવાડની શિષ્યવૃત્તિ પ્રાપ્ત થઈ. પરિણામે તેઓ અમેરિકામાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શક્યા હતા.
- વડોદરા રાજ્ય સાથેના કરારપત્ર MEMO OF AGREEMENTમાં સાક્ષી તરીકે સહી કરનાર ત્રિભોવન જે. વ્યાસ અને અનંતજી ગોપાલજી જોષી પણ ગુજરાતી હતા.
- અમેરિકામાં પણ ગુજરાતી પારસી નવલ એમ. ભથેના તેમના મિત્ર થયા અને આ મૈત્રી આજીવન ટકી રહી હતી. ગુજરાતી મિત્ર નવલ ભથેના તેમને અવારનવાર આર્થિક સહાય પણ કરતા હતા.
- વડોદરાથી વિદાય લઈ મુંબઈ પરત આવ્યા ત્યારે આજિવિકાની સમસ્યા હલ કરવા સિડળહમ કોલેજમાં ખાલી પડેલી પ્રાધ્યાપકની નોકરી માટે મિત્ર નવલ એમ. ભથેનાની સહાય સાંપડી. નવલે કોંગ્રેસના સંયુક્તમંત્રી-પૂર્વમેયર (મુંબઈ) પારસી સર દિનેશા એદલજી વાચ્છાને વાત કરી... સઘળા પ્રયત્નોને પરિણામે તેમને કાર્યકારી પ્રાધ્યાપકની જગ્યા માટે નિમણૂક મળી હતી.
- વળી આ જગ્યા પણ **'કચ્છીમાડૂ'** પ્રા. ખૂબચંદ તલકચંદ શાહના રાજીનામાથી ખાલી પડી હતી. કેવો કુદરતી જોગાનુજોગ. પ્રા.કે. ટી. શાહ પાછળથી આપણી બંધારણસભાના જાગૃત સભ્ય તરીકે જાણીતા થયા હતા.
- લંડનથી વિશેષ અભ્યાસ કરી બેરિસ્ટર બની સ્વદેશ પરત આવ્યા ત્યારે પણ આર્થિક મુંઝવણમાં મિત્ર નવલ ભથેનાએ પોતાના પિત્રાઈભાઈની સંસ્થા બાટલીબોય ઇન્સ્ટિટ્યૂટ ઓફ એકાઉન્ટન્સિમાં પાર્ટટાઇમ નોકરીની ગોઠવણ કરી આપી હતી.
- અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. જેવી પદવીઓ પ્રાપ્ત કરી. શિષ્યવૃત્તિની શરત મુજબ ડૉ. આંબેડકરે વડોદરા રાજ્ય સચિવાલય (કોઠી કંપાઉન્ડ)માં એકાઉન્ટ વિભાગમાં અધિકારી તરીકે નોકરીનો પ્રારંભ કર્યો.
- વસવાટનો વિકટ પ્રશ્ન પણ કામચલાઉ ધોરણે તેમણે પોતે હલ કર્યો એટલે કે એદલજી પારસીની વીસીમાં પારસી તરીકે રહ્યા,

પારસીઓને જાણ થતા - અછૂત આંબેડકર પારસી વીસીમાં વસે તો વીસી વટલાઈ જાય એટલે ત્યાંથી પણ તેમને તાત્કાલિક તે જગ્યા દુખી હૃદયે ખાલી કરવી પડી હતી.

- અસ્પૃશ્યતાના આ આકરા અનુભવથી **'અધિકારી આંબેડકર'** વડોદરાના વડલા નીચે ચોધાર આંસુએ રડ્યા! તેમાંથી તેમને સમાજસેવાની **'સંબોધિ'** સંપ્રાપ્ત થઈ. વડોદરાની ધરતી પર 'અધિકારી આંબેડકર'માંથી **'સમાજસેવી આંબેડકર'**નો આવિર્ભાવ થયો.
- સમાજ સેવાના સાથી-સંગાથી-સહાયક-હીરા પારખુ રાજવી છત્રપતિ શાહુ મહારાજ (૧૮૭૪-૧૯૨૨) (કોલ્હાપુર) પણ રાજકુમાર કોલેજ રાજકોટનાં વિદ્યાર્થી હતા અને તેમનાં લગ્ન પણ વડોદરાના રાજપરિવારની કન્યા સાથે થયા હતાં. આમ તેઓ પણ અર્ધા ગુજરાતી ખરા જ. તેમણે પણ તેમને **'મૂકનાયક'** (પાક્ષિક) નો પ્રારંભ કરવા આર્થિક સહાય કરી તેમજ બીજી વખત વિદેશ અભ્યાસ માટે ગયા ત્યારે પણ આર્થિક સહાય કરી હતી.
- તેમના રાજ્યમાં અંત્યજોની પરિષદમાં તેમણે આંબેડકરની અભિજાત નેતાગિરીની ઉદઘોષણા કરતા ભવિષ્ય ભાખતાં કહ્યું 'ડૉ. આંબેડકર જ તમારો ઉદ્ધાર કરશે... આપણા બધાનો ઉદ્ધાર કરશે...'
- સમાજસેવા માટે તેમણે ૧૯૨૪માં બહિષ્કૃત હિતકારણી સભાની સ્થાપના કરી. તેમાં પ્રમુખ સંચાલકોમાં સર ચીમનલાલ સેતલવડ (અધિપતિ), જી. કે. નરીમાન રુસ્તમજી જીનાવાલા (મુંબઈ), ગોવિંદજી ટી. પરમાર (અમરેલી), કેશવજી રણછોડજી વાઘેલા (અમદાવાદ), સામંત નાનજી મારવાડી, શામજી નાનજી મારવાડી (બંને શિક્ષક બંધુઓ અમરેલીના પણ મુંબઈમાં સ્થાયી), ઝીણાભાઈ મૂળજીભાઈ રાઠોડ (મુંબઈ) સર્વે મહાનુભાવો ગુજરાતી હતા.
- સૂરતના મહ્યાવંશી સપૂત ડૉ. પી. જી. સોલંકી (૧૮૭૫-૧૯૫૩) અને ડૉ. આંબેડકરની એક જ સમયે મુંબઈ પ્રાંત લેજિસ્લેટિવ કાઉન્સિલમાં નિમણૂક થઈ અને તા.૧૮-૨-૧૯૨૭ ને શુક્રવારે સાથે જ શપથવિધિ પણ થઈ. આ બંને નેતાઓએ સાથે મળી કાયદા કાઉન્સિલમાં અંત્યોદય ઉધ્ધારનું ઉત્તમ કાર્ય કર્યું હતું. ડૉ. આંબેડકર (૧૮૯૧) ડૉ. પી. જી. સોલંકી (૧૮૭૫)ને મોટાભાઈ તરીકે સન્માન આપતા હતા.
- રવિવાર તા. ૦૮-૦૫-૧૯૨૭ના દિવસે ખારા અબ્રામા, (વલસાડ) માં માયાવત રાજપૂત સંઘન ઉપક્રમે આ બંને કાઉન્સિલરોનો સત્કાર કરવામાં આવ્યો હતો. સમાજસેવક તરીકે ગુજરાતની ધરતી ઉપર ડૉ. આંબેડકરનું આ પ્રથમ પદાર્પણ હતું. (બહિષ્કૃત ભારતઃ વર્ષ ૧, અંક ૫ (૪૫) ૨૦-૦૫-૧૯૨૭.
- ડૉ. આંબેડકર અને ડૉ. પી. જી. સોલંકીએ સાથે મળી ભારતીય બહિષ્કૃત સમાજ શિક્ષણ પ્રસારક મંડળ તથા બહિષ્કૃત સમાજસેવા સમિતિ નિયામક સંસ્થાઓની સ્થાપના કરી અને તેના ઉપક્રમે ૧૯૨૮માં અમદાવાદ (ખાનપુર) અંત્યજ છાત્રાલયનો પ્રારંભ કર્યો હતો. તે નિમિત્તે ડૉ. આંબેડકર જુલાઈ, ૧૯૨૯માં અમદાવાદ આવ્યા હતા. તે સમયે છાત્રાલયના ગૃહપતિપદે વડોદરાના તુલસીદાસ મૂળજીભાઈ આચાર્ય હતા.
- ૧૯૨૭ના માર્ચમાં ડૉ. આંબેડકરે મહાડ તળાવ પ્રવેશ સત્યાગ્રહ કર્યો હતો જેમાં મુંબઈના વસતા ખેડા જિલ્લાના દલિતોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. અમરેલીમાં થોભણજી લેઉવાના પ્રમુખસ્થાને સભા ભરી મહાડ સત્યાગ્રહનું સમર્થન કરવામાં આવ્યું

હતું. તેવી જ રીતે નાસિકના કાલારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ (માર્ચ, ૧૯૩૦)માં પણ રામાપાલા મારૂ - શિવાપાલા મારૂ બંને બંધુઓ મોખરે રહ્યા હતા. પાછળથી રામાભાઈ મારૂ શી. કા. ફેડરેશનના ઉમેદવાર તરીકે નાસિક સુધરાઈના સભ્ય તરીકે ચૂંટાયા હતા. યેવલા (નાસિક) ધર્માંતર પરિષદમાં જતા ડૉ. આંબેડકરે રામાભાઈ મારૂને ત્યાં વિશ્રામ કર્યો હતો.

- અંત્યજવર્ગના પ્રતિનિધિ તરીકે ડૉ. આંબેડકર ૧૯૩૦માં લંડન ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગયા ત્યારે ડૉ. પી. જી. સોલંકીની અધ્યક્ષતામાં તેમનું સન્માન કરી નગદ ચલણની થેલી અર્પણ કરવામાં આવી હતી. વળી નવેમ્બર, ૪-૧૧-૧૯૩૨માં મુંબઈમાં વાલપખાડીમાં વસતા સૌરાષ્ટ્રના દલિતોએ ડૉ. આંબેડકરનું સન્માન કરી સન્માનપત્ર અર્પણ કર્યું હતું.
- ૧૯૩૧ની બીજી ગોળમેજી પરિષદમાં દલિતોના નેતૃત્વ બાબતે ગાંધીજી અને આંબેડકર વચ્ચે વિવાદ થતાં ડૉ. આંબેડકરનું સમર્થન કરતાં અનેક તાર ગુજરાતમાંથી કરવામાં આવ્યા હતા જેમાં સેવક સેવાનંદ અને વડોદરાના લલ્લુભાઈ મકવાણા (તંત્રી નવયુવક) મોખરે હતા. તુલસીદાસ આચાર્ય પણ સાથે ખરાજ.
- અંત્યજોના આમંત્રણને (નવયુવક મંડળ) માન આપી ડૉ. આંબેડકર તા.૨૮-૦૬-૧૯૩૧ના દિવસે અમદાવાદ (દરિયાપુર) આવ્યા હતા જ્યાં ડૉ. આંબેડકરનું સન્માન કરી સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.
- અમદાવાદ જિલ્લાના કાવિઠા ગામના દલિતો ઉપર થયેલા અત્યાચારોની જાતતપાસ માટે તા. ૨૨-૧૦-૧૯૩૮ના દિવસે ડૉ. આંબેડકર અમદાવાદ આવ્યા હતા અને તે મુલાકાત વેળા તેઓ બાવળા પણ ગયા હતા. ગોવિંદભાઈ ચૌહાણે બાવળા મુકામે તેમને સન્માનપત્ર અર્પણ કર્યું હતું. અમદાવાદના પ્રેમાભાઈ હોલમાં તેમની જાહેર સભા યોજવામાં આવી હતી, જેમાં વિશાળ સંખ્યામાં દલિતો ઉપસ્થિત રહ્યા હતા.
- રાજકોટમાં **'જવાબદાર રાજ્ય તંત્ર'** માટેની જનતાની માંગણી સંદર્ભે ચાલતા આંદોલન સમયે રાજકોટના દલિતોએ ડૉ. આંબેડકરને તાર (Wire) કરી સૌરાષ્ટ્રના દલિતોના પ્રતિનિધિત્વ બાબતે રજૂઆત કરવા નિમંત્રણ આપ્યું હતું. ડૉ. આંબેડકર તા. ૧૮-૦૪-૧૯૩૯ના દિવસે વિમાનમાર્ગે રાજકોટ આવ્યા હતા. તેમણે જસાણીના બંગલે મહાત્મા ગાંધીજી સાથે ૪૫ મિનિટ ચર્ચા કરી, પરંતુ ગાંધીજીને તાવ આવતાં ચર્ચાનો દોર અધૂરો રહ્યો. ડૉ. આંબેડકર રાજવી ધર્મેન્દ્રસિંહજી અને દીવાન વીરાવાળાને મળ્યા હતા તેમજ દલિતોની વિશાળ સભાને સંબોધી હતી. (રાજકોટ-કેનાલરોડ પાસે)
- સમગ્ર ભારતમાં ડૉ. આંબેડકરનું જીવનચરિત્ર પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ કરવાનો યશ અમદાવાદને મળે છે.

**પુસ્તક : દલિતોના બેતાજ બાદશાહ : ડૉ. આંબેડકર**
**લેખક : ઉકાભાઈ એમ. સોલંકી**
**પ્રકાશક : કરશનદાસ માનસિંહ લેઉવા**
**નવયુવક મંડળ (નવતાડ, અમદાવાદ) વર્ષ-૧૯૪૦**

આ પુસ્તકમાં ડૉ. આંબેડકરે લાહોરમાં 'જાત પાંત તોડક મંડળ'ના અધિવેશન માટે તૈયાર કરેલું ઐતિહાસિક પ્રવચન ગુજરાતીમાં અનુવાદ કરીને મૂકવામાં આવ્યું છે. અનુવાદ ચંપકભાઈ મોદીએ કર્યું હતું. (સંસ્થાના સુધારા બાબતે ડૉ. આંબેડકર સંમત ન થતા પ્રવચન થઇ શક્યું ન હતું. અધિવેશન રદ કરવામાં આવ્યું હતું.૧૯૩૬)

- મહાગુજરાત દલિત રાજકીય પરિષદના પ્રમુખ તરીકે ડૉ. આંબેડકર (૧૫-૧૬ માર્ચ, ૧૯૪૧) અમદાવાદ આવ્યા હતા. પ્રેમાભાઈ હોલમાં મળેલી દલિત પરિષદને તેમણે પોતાના અધિકારો માટે જાગૃત રહેવાનું એલાન કર્યું હતું.
- ૨૯-૩૦ નવેમ્બર, ૧૯૪૫ના દિવસે ડૉ. આંબેડકર રાજકીય પક્ષ શી. કા. ફેડરેશનના પ્રચાર માટે અમદાવાદ આવ્યા હતા. લાલદરવાજે ભવ્ય શામિયાણા (બુદ્ધનગર)ના મંચ ઉપરથી હજારો દલિતોને રાજકારણમાં સક્રિય થવા તેમજ દલિતોના પક્ષ શી. કા. ફેડરેશનને મત આપવાની તેમણે અપીલ કરી હતી.
- ડૉ. આંબેડકરે શૈક્ષણિક સંસ્થા પીપલ્સ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી જેના ચેરમેન તેઓ પોતે હતા અને બાકીના ૧૧ ટ્રસ્ટીઓમાં બે ગુજરાતી મહાનુભાવો (૧) ગુરુજી ગોવિંદજી પરમાર (૨) હિરજીભાઈ ખુસાલભાઈ પટેલનો સમાવેશ કર્યો હતો. ગુરુજી ગોવિંદજી પરમાર ૧૯૭૦માં તેના ચેરમેન તરીકે ચુંટાયા હતા.
- સ્વતંત્ર ભારતના મંત્રી મંડળની રચનાની પ્રક્રિયાની પળોમાં - ડૉ. આંબેડકરને કાનૂન મંત્રી પદ પ્રાપ્ત થવાની પળોમાં તા. ૦૧-૦૮-૧૯૪૭ના દિવસે ડૉ. આંબેડકર દિલ્હીથી મુંબઈ (વિમાન માર્ગે) જતાં ૧૦.૪૫ વાગે અમદાવાદ એરપોર્ટ ઉપર ઊતરી ગુજરાતના આગેવાનો કરશનભાઈ લેઉવા, મણિલાલ ગંગારામ અને શાહીબાગના રામજીભાઈ પરમાર, નાથાભાઈ સવજી, પુરૂષોત્તમ હીરાભાઈ વગેરે કાર્યકરોને મળ્યા હતા.
- સ્વતંત્ર ભારતના પ્રથમ મંત્રીમંડળમાં તેમની નિમણૂક અને બંધારણ ઘડતરમાં તેમની અમૂલ્ય સેવાઓ-જ્ઞાનનો લાભ લેવાની દરખાસ્તમાં ગુજરાતી ગાંધીજીનું અનન્ય પ્રદાન વિસરાય એમ નથી. (જુલાઈ, ૧૯૪૭)
- પાકિસ્તાનના સર્જનને કારણે ડૉ. આંબેડકરનું સંવિધાન સભાનું સભ્યપદ સમાપ્ત થતાં તેમને મુંબઈની વિધાનસભામાંથી પુનઃ અને તાત્કાલિક ચૂંટી લાવવા મુખ્ય મંત્રી બાળાસાહેબ ખેરને સ્પષ્ટ અને કડક પત્ર લખી (જુલાઇ - ૧૯૪૭) આદેશ કરનાર ગુજરાતી સરદાર વલ્લભભાઈ પટેલને પણ યાદ કરવા ઘટે.
- ડૉ. આંબેડકરનું ઘણા ગ્રંથોનું ટાઈપ કાર્ય ગુજરાતી છગનભાઈ મોદી કરતા હતા જ્યારે વડોદરાના કલાભુવનના અધિકારી એમ. જી. ચીટનીશ નકશા વગેરે તૈયાર કરી આપતા હતા.
- માર્ચ-૧૯૫૨ની રાજ્ય સભાની બેઠક માટે ડૉ. આંબેડકરે ઉમેદવારી નોંધાવી ત્યારે ચૂંટાવવા માટે પ્રથમ પસંદગીના અઢાર મતની આવશ્યકતા હતી. વિરોધ પક્ષે સર્વાનુમતે ડૉ. આંબેડકરને સમર્થન આપવાનો નિર્ણય કર્યો હતો. જેમાં શેતકરી કામદાર પક્ષ, હિન્દુ મહાસભા, જનસંઘ, ખેડૂસંઘ અને અપક્ષ ધારાસભ્યોનો સમાવેશ થતો હતો. ગુજરાતના દલિત અપક્ષ ધારાસભ્ય ખેમચંદભાઈ ચાવડા (ચાણસ્મા-હારીજ) અને ખેડૂત સભાના મીઠાભાઈ ચૌહાણે (વડોદરા-વાઘોડિયા) બંનેએ ડૉ. આંબેડકરને મત આપી ડૉ. આંબેડકર સાથેના ગુજરાતના ઋણાનુબંધને દીપાવ્યો હતો. અપક્ષ ધારાસભ્ય નૌશીર ભરૂચા પણ સાથે જ હતા.
- તા.૬ ડિસેમ્બર, ૧૯૫૬ના દિવસે પોતાના નિવાસસ્થાને ૨૬, અલીપુર રોડ, દિલ્હી, ડૉ. આંબેડકરનું અવસાન થતાં પુષ્પાજંલિ આપવા ગયેલા મહાનુભાવોમાં પણ ગુજરાતી ઉછરંગરાય ઢેબર (કોંગ્રેસ પ્રમુખ) અને કુ. મણિબહેન પટેલ પ્રથમ પહોંચનારાં હતાં.

**- ડૉ. પી. જી. જ્યોતિકર**



બેરિસ્ટર ડૉ. આંબેડકર




શિક્ષણમાં સહાયક પ્રથમ
અંત્યજોધ્ધારક રાજવી, પ્રજાવત્સલ
મહારાજા સયાજીરાવ
ગાયકવાડ (ત્રીજા)




પિતા રામજી સકપાલ



સમાજસેવાની પ્રવૃત્તિમાં
સાથી-સંગાથી કોલ્હાપુરના
મહારાજા શાહુજી





1914 Bhiva Ramji Ambedkar Satara


સાતારા હાઈસ્કૂલના રજિસ્ટરના પાને 'ભીવા રામજી આંબેડકર'



વિદ્યાધામ એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલ (મુંબઈ) જ્યાં આજે સેન્ટ્રલ રેલવેની હોસ્પિટલ છે અને તેનું નામ પણ 'ડૉ. બાબાસાહેબ આંબેડકર હોસ્પિટલ' છે.

કોલેજકાળ દરમિયાન
પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવા
માટે આચાર્યને લખેલો
વિનંતી પત્ર : તા. ૧૧મી
સપ્ટેમ્બર, ૧૯૦૮





11 Sept. 1908


To

The Principal
Elphinstone College
Bombay.

Sir

I the undersigned most humbly beg to inform you that I do not wish to appear for the P E Examination which will be held in November 1908 as I am weak in mathematics.

I beg to remain
Sir
Your most obedient stud
Ambedkar Bhimram Ram



Huzur order

Mr Ambedkar should be sent to America to be trained up in Finance and Sociology instead of Pedagogy. He should join the Columbia University at New York and obtain the Master's degree in Economics, Finance & Sociology.


2. The period required seems to be two years from the information supplied by Mr Datar. The scholarship of £250/- per annum to be given to him shall

Sending Mr Ambedkar to America to study Economics, Finance & Sociology.

The scholarship of £250/- p.a. shall be given to Mr Ambedkar for 2 years.

મહારાજા સયાજીરાવ ગાયકવાડ
(વડોદરા રાજ્ય) દ્વારા
ડૉ. આંબેડકરને અમેરિકા વધુ
અભ્યાસ માટે શિષ્યવૃત્તિનો તા.૫મી
એપ્રિલ, ૧૯૧૩નો 'હુજૂર હુકમ'






His Highness the Maharaja Saheb
has been pleased to nominate
Mr. B. R. Ambedkar B.A.
as an additional member
of the local Legislative
Council in place of Mr
Shivlal Jeram, deceased
of Petlad.

Mr Ambedkar nominated as a member of the Legislative Council

24 April 1913 sd. Manubhai N.
Legal Remembrancer

વડોદરા રાજ્યની લેજિસ્લેટિવ
કાઉન્સિલમાં ડૉ. આંબેડકરની
નિયુક્તિનો હુકમ
(તા. ૨૪ એપ્રિલ, ૧૯૧૩)



BASIS OF ADMISSION

B.A. Degree-Elphinstone College
Bombay, India 1912

A.M. Degree Conferred June
Ph.D. Degree Conferred June

Dissertation: The Evolution of Provincial Finance in British India

RECORD IN THE UNIVERSITY


STUDENT
UNOFFICIAL TR

| COURSES | DESCRIPTION |
| --- | --- |
| Summer 1913 | |
| Economics s112 | Money and Banking |
| Sociology s102 | Principals of Sociology-Historical |
| Economics s176 | Corporation Finance |
| Summer 1914 | |
| Economics s105 | Modern Economic Theories |
| Sociology s102 | Principals of Sociology-Historical |
| Economics s176-7 | The Classical Economists |
| Summer 1915 | |
| French sA1 | Elementary Course |
| German sA1 | Elementary Course |
| 1913-1914 | |
| Economics 101-102 | Science of Finance |
| Economics 126 | The Economic Problems of Germany |
| Economics 201 | Econ.Beginnings:Classical English Economi |
| Economics 207 | Principals & Methods of Statistics |
| Economics 210 | Social Statistics |
| Economics 244 | History of Economics since Adam Smith |
| Sociology 151 | Principals of Sociology-Analytical |
| Sociology 256 | Social Statistics |
| Economics 206 | Economic Theory |
| Economics 106 | The Trust & Corporation Problem |
| Economics 205 | Economic Theory |
| Economics 114 | Marx & Post-Marxian Socialism |
| Economics 104 | Commerce & Commercial Policy |
| Economics 304 | Seminar in Political Economy & Finance |
| Sociology 254 | The Theory of Social Evolution |
| Economics 303 | Seminar in Political Economy & Finance |
| History 22b | The Protestant Revolt |

અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં
ડૉ. આંબેડકરનો રેકર્ડ (૧૯૧૫)

લંડન સ્કૂલ ઓફ
ઇકોનોમિક્સમાં અર્થશાસ્ત્રના
અભ્યાસ માટે અને બેરિસ્ટર
બનવા માટે 'ગ્રેઝઇન'
સંસ્થામાં પ્રવેશ (૧૯૧૬)






NOT TRANSFERABLE
THE LONDON SCHOOL OF ECONOMICS AND POLITICAL SCIENCE.
CLARE MARKET, W.C.
Student's Pass. 9249
Date Oct 1st 1916
Admit Mr. B. R. Ambedkar
To Full Course 10 10 –
Total 10 10 –
Signed



No. 3347
Grays Inn Nov. 11 1916
Received of B. R. Ambedkar Esq. for the Honourable Society of Grays Inn, the sum of Fifty pounds — shillings and — pence for being the amount of a deposit made on admission and returnable on call to the Bar
£ 50. 0. 0.
Chf Clerk



Dewan.

હજૂર હુકમ

His Highness the Maharaja Saheb has been pleased to order that :----

(1) Mr. B.R. Ambedkar, who after his return from America, has been attached to the Accountant General's Office as a Probationer, will get Rs.150/- p.m. at present. He should pass the Revenue Departmental Examinations, when he will be absorbed in the regular grade.

Mr. Ambedkar will get Rs.150 p.m.

(2) His Highness the Maharaja Saheb has been graciously pleased to give him Rs.300/- as a gift to cover the loss he has sustained through his luggage sunk. This money will be paid from the Khangi Department.

A gift of Rs.300/- is given to Mr. Ambedkar.

Simla,

21 September 1917.


ડૉ. આંબેડકરને વડોદરા રાજ્યની નોકરીમાં લેવાનો હજૂર હુકમ : તારીખ - ૨૧ સપ્ટેમ્બર, ૧૯૧૭. તેમજ તેમનો સામાન - પુસ્તકો દરિયામાં ડૂબી ગયાં તે બદલ આર્થિક સહાય પણ આપવામાં આવી હતી.



મુંબઈ સિડળહમ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે ડૉ. આંબેડકર
સાથે પ્રાચાર્ય પર્સી એન્સ્ટે તથા સ્ટાફ (૧૯૧૮-૧૯૧૯)




ધર્મપત્ની રામુને વિદેશથી લખેલો સ્નેહભર્યો પત્ર......
‘કોઈને પણ મારાં પુસ્તકો અડવા દેતી નહીં’ (તા.૧૭-૦૭-૧૯૨૦)


CITY LINE

GEORGE SMITH & SONS.

GLASGOW





c/o Henry S. King & Co
9 Pall Mall
London S.W.

My dear Maharaja Saheb, 4th September 19

As directed by Mr. Kalve I am placing my financial difficulties before you in the hope of getting some relief. But I am sorry it has to approach you but thinking that Y.H. had been pleased to regard me as your friend I would something to enable me to tide over my difficulties. They have chiefly arisen through the fall in the Indian Exchange in London. When I left India I had calculated the total cost I would have to incur for my two years at London and according to the then prevailing rate of exchange I found that I had sufficient funds for my purposes. But as the funds had been invested by a friend in the shares I had deposited them I was not able to transfer them to London at the time when I left India last year.

આર્થિક સહાય કરવા
શાહુજી મહારાજને
ડૉ. આંબેડકરનો
વિનંતીપત્ર



લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સના સહાધ્યાયીઓ અને
પ્રાધ્યાપકગણ સાથે ડૉ. આંબેડકર

14, Hararwalla Buildings No.4
Parel, Supariding Road,
Bombay, 25th June 1923.

To

The Prothonotary and Registrar, O. J.,
H. M's High Court,
B O M B A Y.

Sir,

I have the honour to apply to be admitted as an advocate of this Honourable Court.

I intend to practise in Bombay.

I was called to the Bar on the 28th day of June 1922 by the Honourable Society of Gray's Inn after having kept 12 terms.

I herewith annex the certificates of Call to the Bar, of good character and ability and a certificate from Mr. T.S.W. Ramsay, - Barrister-at-Law- in whose chambers I have read for one year.


I have to request you to place my application before their Lordships the Honourable the Chief Justice and Judges for favourable consideration.

Head clerk
circulate


I have the honour to be,
Sir,
Your most obedient servant
B R Ambedkar

મુંબઈ હાઈકોર્ટમાં વકીલાત
માટેની સનદ મેળવવા
ડૉ. આંબેડકરની અરજી


ડૉ. બી. આર. આંબેડકર અને ડૉ. પી. જી. સોલંકી (વચ્ચે પુષ્પમાળા પહેરેલા)
'ભીમા કોરે ગાંવ વિજયસ્તંભ' (પૂના) સમીપ કાર્યકરો સાથે (તા. ૧૭-૦૧-૧૯૨૭)



બ્રિટિશ અને પેશવા વચ્ચેના નિર્ણાયક યુદ્ધમાં અંગ્રેજોના લશ્કરમાં મહાર સૈનિકોએ બહાદુરીથી પેશવાઓના સૈન્યને પરાજિત કર્યું. જેમાં અસંખ્ય મહાર સૈનિક ખપી ગયા. તેમના શૌર્યના પ્રતીકરૂપે બ્રિટિશરોએ પૂના પાસે આ વિજયસ્તંભની રચના કરી હતી.



સમાજ સમતા દળના સૈનિક વચ્ચે ડૉ. આંબેડકર



સાયમન કમિશનને ડો. આંબેડકર, ડૉ. પી. જી. સોલંકીએ
પૂના મુકામે દલિતવર્ગની માંગણીનું આવેદનપત્ર આપ્યું હતું
(તા.૨૩-૧૦-૧૯૨૮)

ડૉ. આંબેડકરનો મુદ્રાલેખ હતો શિક્ષિત બનો તે માટે તેમણે ૧૪ જૂન, ૧૯૨૫ના દિવસે બહિષ્કૃત શિક્ષણ પ્રસારણ મંડળ નામક સંસ્થા સ્થાપી હતી. તેના ઉપક્રમે મુંબઈ ઇલાકામાં પાંચ છાત્રાલયોનો પ્રારંભ પણ કર્યો હતો. આ છાત્રાલયના નિભાવ માટે તેમણે ગોળમેજી પરિષદ(લંડનમાં) પધારેલ રાજા મહારાજા અને ઉદ્યોગપતિઓને મદદ કરવા અપીલ કરતી આ પત્રિકા વહેંચી હતી.

# Appeal

on behalf of the

# Depressed Classes Institute

## ORGANIZATION.



**Dr. Bhimrao Ramji Ambedkar, M.A., Ph.D., D.Sc., Bar.-at-Law; Delegate, Indian Round Table Conference. President, Depressed Classes Institute**

THE Depressed Classes Institute is an organization of the Depressed Classes which is conducted by members of the Depressed Classes in the interests of the Depressed Classes. The aim of the Institute is to raise the Depressed Classes from their present-day down-trodden condition to a status of social and political equality in Indian Society and to promote their economic welfare.

The Institute was established in June, 1925, and has been functioning since then. The Institute is intended to be an All-India organization with branches all over India. But owing to want of resources the activities of the Institute are confined to the Presidency of Bombay. The Institute functions through the agency of social workers who are pledged to work for the uplift of the Depressed Classes. They are mainly drawn from the Depressed Classes and are scattered over the various districts of the Presidency of Bombay. The activities of these social workers are directed and co-ordinated by a Managing Council of the leading members of the Depressed Classes at the headquarters of the Institute located in the city of Bombay.

## ACTIVITIES OF THE INSTITUTE.

During the short period of five years which has elapsed since its establishment the work of the Institute has grown to such enormous proportions that it is impossible to give even a summary of it within the scope of this leaflet. All that can be done is to indicate the lines of activity undertaken by the Institute in pursuance of its aim, namely: the elevation of the Depressed Classes. These activities may be classified under the following heads:

(1) **Propaganda.** The Institute publishes a newspaper called *Janata* (The People) with the object of enlightening the Depressed Classes on their special problems and also on the general problems of the day in so far as they affect them. It educates them into a realization of their civic rights, ventilates their grievances and creates public opinion in favour of speedy redress. The guiding principle of the paper is equality. Until last month it was a fortnightly paper. It is now converted into a weekly. The Institute also publishes other literature from time to time on various subjects for the education of the Depressed Classes.

(2) **Civic Rights Campaign.** Although there are many cases in which the law allows civic rights to the Depressed Classes there are a legion in which custom stands in the way of the Depressed Classes benefiting by them. One of the objects of the



પ્રગતિશીલ સવર્ણમિત્રોના સહયોગથી તા. ૪-૯-૧૯૨૭ના દિવસે ડૉ. આંબેડકરના પ્રમુખપદે સમાજ સમતા સંઘની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થાના પદાધિકારીઓ સાથે...



સમાજ સમતા સંઘના ઉપક્રમે ગોવિંદ આદ્રેકરના સુપુત્ર કેશવ તથા કન્યા વિઠા તિડેકર સાથે વૈદિક વિધિથી લગ્ન સમારંભમાં ડૉ. આંબેડકર, ડૉ. પી. જી. સોલંકી તથા શ્રીમતિ રમા આંબેડકર : (તા. ૨૯ જૂન, ૧૯૨૯)





નાસિક કાલારામ મંદિર પ્રવેશ
(તા. ૩જી માર્ચ, ૧૯૩૦) પોલીસ
દલિતો, ભૂદેવ સુંદરરાવ
વૈદ્ય પાઘડીવાળાને મંદિરના
દરવાજાથી દૂર હડસેલી રહી છે.

કાલારામ મંદિર પ્રવેશ
નેતૃત્વ કરતા સવર્ણ
આગેવાન અનંત હરિ
ગદ્રે સાથે સત્યાગ્રહના
સેનાની અમૃતરાવ
રણખાંભે



અખિલ ભારતીય ડિપ્રેસ્ડ ક્લાસ કોંગ્રેસની પ્રથમ પરિષદ, નાગપુરનું પ્રમુખસ્થાન શોભાવતા ડૉ. આંબેડકર સાથે રાવબહાદુર આર. શ્રીનિવાસ (મદ્રાસ), ડૉ. પી. જી. સોલંકી : તા. ૮-૯ ઓગસ્ટ, ૧૯૩૦





લંડન ગોળમેજી પરિષદ માટે પ્રસ્થાન કરવાની
પૂર્વસંધ્યાએ આગેવાનો સાથે ડૉ. આંબેડકર
(પરેલ, દામોદર હોલ, તા. ૩-૧૦-૧૯૩૦)




ડૉ. આંબેડકર તંત્રી પદે તેમજ
તેમના માર્ગદર્શન હેઠળ ચાલતાં
સામયિકો
મૂકનાયક - ૧૯૨૭,
બહિષ્કૃત ભારત ૧૯૨૭,
જનતા - ૧૯૩૦,
સમતા - ૧૯૨૭,
પ્રબુધ્ધ ભારત - ૧૯૫૬



પ્રથમ ગોળમેજી પરિષદમાં દલિતોના પ્રતિનિધિ તરીકે બીજી
હરોળમાં નવમા ક્રમે બેઠેલા ડૉ. બી. આર. આંબેડકર
તા. ૧૨ નવેમ્બર, ૧૯૩૦થી ૧૯ જાન્યુઆરી, ૧૯૩૧



કાર્યાલયમાં કાર્યાન્વિત ડૉ. આંબેડકર



દલિતો ઉપરના અત્યાચારો નિવારણની માગણી માટે મુંબઈ ઇલાકાના ગવર્નર લોર્ડ બ્રેબોર્નને આવેદનપત્ર આપી, કાર્યકરો તથા મહાર બેટેલિયનના નિવૃત્ત સૈનિકો વચ્ચે પૂનાના એમ્સ ગાર્ડનમાં ગવર્નર સાથે ડૉ. આંબેડકર (૧૯૩૧)



## અમદાવાદને આંગણે ડૉ. આંબેડકર : અમદાવાદના અંત્યજોએ અર્પણ કરેલું સન્માનપત્ર

**ડૉ. બાબાસાહેબ આંબેડકરને ૨૮-૬-૧૯૩૧ના દિવસે દરિયાપુર (અમદાવાદ)માં અપાયેલ, સન્માનપત્ર**

શ્રીમાન ડૉ. આંબેડકર એસ્ક્વાયર

એમ.એ.પીએચ.ડી. બેરિસ્ટર એટ લો.એમ.એલ.સી.

મહાશયજી,

ગુજરાતના પાટનગર અમદાવાદમાં થયેલી પધરામણી પ્રસંગે આપને અંત:કરણપૂર્વક આવકાર અપતાં અમને ઘણો હર્ષ થાય છે. આપની પધરામણીથી અમને જે હર્ષ થયો છે તે વ્યક્ત કરવાને અમને શબ્દો જડતા નથી. આપના આગમનથી અમારો હર્ષોદધી ઊભરાઈ ગયો છે. અમારા આમંત્રણને માન આપીને અત્રે પધાર્યા છો અને અમારું માનપત્ર લેવાનું સ્વીકાર્યું છે, તે અમારા સદ્‌ભાગ્ય છે. આ શહેરમાં અછૂત ભાઈઓની સંખ્યા ઘણી મોટી છે. તેઓ બહુધા મિલોમાં કામ કરી પોતાનો નિર્વાહ કરે છે. એમનામાં કેળવણીનો અભાવ છે.

મહાશયજી.

આપ અમારા માટે આત્મભોગ આપી તથા અવિશ્રાંત પરિશ્રમ ઉઠાવી જે લડત ચલાવી રહ્યા છો તે બદલ અમે આપ સાહેબના ઋણી છીએ, જાતિભોગ અછૂત ભાઈઓની ઉન્નતિ માટે દેશના જુદા જુદા ભાગોમાં ભ્રમણ કરી અમારા હકો માટે આપ જે મજબૂત લડત ચલાવી રહ્યા છો તેની અમને કદર છે. ભૂતકાળમાં ઉચ્ચવર્ણના હિંદુઓએ અમારી સાથે જે વર્તણૂક ચલાવી છે અને આજે પણ ચલાવી રહ્યા છે, તે તરફ જોતાં અમે સહેજ સમજી શકીએ છીએ કે, જો અમે ભારતવર્ષમાં અમારું અસ્તિત્વ ટકાવી રાખવા માગતા હોઈએ, અરે જો અમે આઝાદ હિન્દમાં આઝાદીથી રહેવા માંગતા હોઈએ, તો અમારે માટે ઉચિત એ જ છે કે અમારે બીજા ઉપર આધાર રાખીને બેસી ન રહેતાં અમારે અમારાં પગ ઉપર ઊભા રહેતાં શીખવું જોઈએ અને અમારા હકોને માટે મજબૂત લડત ચલાવવી જોઈએ. અમારી સાથે સમાનતાની વાતો કરવામાં આવે છે, અમને ભાઈ તરીકે ઓળખવામાં આવે છે, પણ એમાં અમને ઉચ્ચ વર્ગના સ્વાર્થની ગંધ આવે છે. અરે, પોતાની સ્થિતિ મજબૂત બનાવી લઈ હકો મેળવવાની આ તેમની સોનેરી જાળ છે. ક્યાં છે એ કહેવાતી સમાનતા? આ સુધારેલા સમયમાં પણ અમારો પડછાયો સરખો પણ વર્જ્ય ગણાય છે. અરે, પ્રાચીન સમયના અને જૂના રીતરિવાજવાળા હિન્દુઓ તરફથી એ રીતે વર્તમાન આવતું હોત તો, અમે પણ કહી શકત કે જૂની ઘરેડ ઉપર ચાલનારાઓ અમારી સાથે એવી વર્તણૂક ચલાવે છે, પણ અમને કહેતાં ખેદ થાય છે કે પાશ્ચાત્ય કેળવણીથી વિભૂષિત થયેલાં ૨૦મી સદીના કેળવાયેલાં હિન્દુઓ પણ અમારી સૂગ રાખે છે. અમારે માટે તેમનાં મંદિરોનાં દ્વાર બંધ છે. અમને તેમના કૂવાઓમાંથી પાણી ભરવા દેવામાં આવતું નથી. અમારાં બાળકોને તેમની શાળાઓમાં દાખલ કરવામાં આવતાં નથી. શું આનું નામ સમાનતાં? આજે ન્યાયી બ્રિટીશ સરકારનું રાજ્ય હોવા છતાં જ્યારે અમારી સાથે એવી વર્તણૂક ચલાવવામાં આવે છે. ત્યારે અમને ભય છે કે માગ્યા મુજબ સ્વતંત્રતા મળી ગયા પછી તેઓ શું નહિ કરે? ભૂતકાળનો ઇતિહાસ તેની સાક્ષી પૂરે છે.

આવા સઘળા સંજોગો જોતાં અમને લાગે છે કે અમારે અલગ રહીને જ અમારા હકો માટે લડત ચલાવવી જોઈએ અને અલાયદા હક્કો માંગવા જોઈએ. અમને સંપૂર્ણ આશા છે કે આપ અમને કામમાં ખરેખરી મદદ કરશો.

મહાશયજી,

પ્રથમ વર્તુળ પરિષદમાં આપે અમારા તરફથી જે સુંદર કામ કર્યું છે તે કોટિ ધન્યવાદને પાત્ર છે અને અમે આશા રાખીએ છીએ કે, આગામી વર્તુળ પરિષદમાં પણ આપ એમ જ સુંદર સેવા બજાવશો અને અમારો અવાજ મજબૂતાઈથી રજૂ કરશો. ભારતમાતાના સાચા સુપુત્ર ભારતમાતાની સ્વતંત્રાતા માટે પણ આપે આપનાથી બનતું કર્યું છે. તે બદલ આપને હાર્દિક ધન્યવાદ ઘટે છે.

ઓ રણશૂર ! ભડવીર !

આપે મરેલી અછૂત કોમને સજીવન કરી, હિંદુઓ સામે સત્યાગ્રહના મોરચા માંડતા શિખવ્યું છે. વિદ્વાન હોવા છતાં, એક લડવૈયા બહાદુર સિપાઈની માફક રાતદિવસ ખડે પગે ઘૂમી જે જાગૃતિ આણી છે તે ભવિષ્યના ઇતિહાસમાં સોનેરી અક્ષરોથી ટંકાઈ રહેશે અને અન્ય કાર્યકર્તાઓને આપને પગલે ચાલવાનો રસ્તો મોકળો થયો છે એવી અમે આશા રાખીએ છીએ.


છેવટે અમારા આમંત્રણને માન આપી આપે અત્રે પધારવાનો જે શ્રમ લીધો છે અને આજે અમને આપની અમૃતતુલ્ય વાણી સાંભળવાની જે અમુલ્ય તક આપી છે તે બદલ અમે આપને ખરા હૃદયથી ધન્યવાદ આપી ફરીથી આભાર માનીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા આપને લાંબુ આયુષ્ય અર્પી સુખી રાખો એ જ અંતિમ યાચના.

તા. ૨૮-૬-૧૯૩૧
લિ.
દરિયાપુર : અમો છીએ આપના આભારી નવયુવક મંડળના
અમદાવાદ : કાર્યવાહકો અને દરિયાપુર મહોલ્લાના આગેવાનો



બીજી ગોળમેજી પરિષદમાં મહાત્મા ગાંધી, મદનમોહન માલવીયા, બેરિસ્ટર મુકુંદરાવ જયકર, તેજબહાદુર સપ્રુ, સરોજિની નાયડુ વગેરે ભારતીય પ્રતિનિધિઓ સાથે ડૉ. આંબેડકર (તા. ૭-૯-૧૯૩૧થી ૧-૧૨-૧૯૩૧) (આડી હરોળમાં બીજા ક્રમે)

બ્રિટન વડા પ્રધાન
રામ્સે મેકડોનાલ્ડના
'કોમી ચૂકાદા' અન્વયે
દલિતોને મળેલા
'અલગ મતાધિકાર'
સામે ગાંધીજીના
આમરણાંત ઉપવાસને
અંતે થયેલ ઐતિહાસિક
'પૂના કરાર'
પૂના, તા. ૨૪-૯-૧૯૩૨



The following agreement has been arrived at between leaders acting on behalf of the depressed classes and of the rest of the Hindu community regarding the representation of the depressed classes in the Legislatures and certain other matters affecting their welfare:-

1. There shall be seats reserved for the depressed classes [illegible] in the Provincial Legislatures as follows:-

Madras 30 [illegible], Bombay with Sind 15 [illegible], Punjab 8 [illegible], Bihar and Orissa 18 [illegible], Central Provinces 20 [illegible], Assam 7 [illegible], Bengal 30 [illegible], the United Provinces 20 [illegible] - total 148 [illegible]. [illegible]

2. Election to these seats shall be by joint electorates subject however, to the following procedure:-

All the members of the depressed classes registered in the general electoral roll of a constituency will form an electoral college which will elect a panel of four candidates belonging to the depressed classes for each of such reserved seats by the method of the single vote and four persons getting the highest number of votes in such primary election shall be the candidates for election by the general electorate.

3. The representation of the depressed classes in the Central Legislature shall likewise be on the principle of joint electorates and reserved seats by the method of primary election in the manner provided for in clause 2 above for their representation in the Provincial Legislatures.

[illegible] in the said Legislature shall be reserved for the depressed classes.

5. The system of primary election to a panel of candidates for election to the Central and Provincial Legislatures as hereinbefore mentioned shall come to an end after the first 10 years, unless terminated sooner by mutual agreement under the provisions of clause 6 below.

6. The system of representation of depressed classes by reserved seats in the Provincial and Central Legislatures as provided for in clauses 1 and 4 shall continue until determined by mutual agreement between the communities concerned in this settlement.

7. The franchise for the Central and Provincial Legislatures for the depressed classes shall be as indicated in the Lothian Committee's Report.


8. There shall be no disabilities attaching to any one on the ground of his being a member of the depressed classes in regard to any elections to local bodies or appointment to the public services. Every endeavour shall be made to secure a fair representation of the depressed classes in these respects, subject to such educational qualifications as may be laid down for appointment to the public services.

9. In every province out of the educational grant an adequate sum shall be earmarked for providing educational facilities for the members of the depressed classes.

Poona 24th September 1932

B. R. Ambedkar
Madan Mohan Malaviya
[illegible]
[illegible]
[illegible]
M. R. Jayakar

દલિતોના પક્ષે ડૉ. આંબેડકર, ડૉ. પી. જી. સોલંકી, રા. બ. શ્રીનિવાસન, શીવતરકર વગેરે અને હિન્દુઓના પક્ષે મા. મદન મોહન માલવજી રાજાજી વગેરેના હસ્તાક્ષરો





‘પૂના કરાર’માં દલિતાના પક્ષે
ડૉ. આંબેડકર,
ડૉ. પી. જી. સોલંકી, રાવ
બહાદુર,
આર. શ્રીનિવાસન્ વગેરે
તથા સવર્ણ હિન્દુઓના
પક્ષે મદનમોહન માલવિયા,
મુંકુદરરાવ જયકર,
તેજબહાદુર સપ્રુ વગેરે
નેતાઓના હસ્તાક્ષર
તા. ૨૪ સપ્ટેમ્બર, ૧૯૩૨

પૂનાકરારની રચનાના
મુખ્ય કર્ણાધાર ડૉ.
આંબેડકર અને
ડૉ. પી. જી. સોલંકી
(પૂનાની યરવડા જેલને
દ્વારે ઊભેલા)






'પૂનાકરારનું નિર્માણ કરનારા નેતાઓ
(૧) બેરિસ્ટર મુકુંદરાવ જયકર (૨) બેરિસ્ટર તેજબહાદુર સપ્રુ
(૩) ડૉ. આંબેડકર (૪) ડૉ. પી. જી. સોલંકી
(૫) રાવબહાદુર શ્રીનિવાસન્ (૬) એમ. સી. રાજા
(૭) ગણેશ અક્કાજી ગવઈ (એમ.એલ.સી) યરવડા જેલ, પૂનાના
દરવાજા બહાર ઊભેલા



દશેરા ઉત્સવ મંડળ, નાસિકના કાર્યકરો સાથે : તા.૯ ઓક્ટોબર, ૧૯૩૨





गांधी संग्रह. साबरमती.

1399

Damodar Hall, Parel,
Bombay No. 12,
Dated, 12th February 1933.

Dear Mahatmaji, S.N. 20225

I am sure you muust have received for your Harijan through the Associated Press a copy of the statement, which I have issued defining the attitude of the Depressed Classes in regard to the question of Temple Entry. I am also sending herewith another copy of the same directly for your information.

Yours sincerely


B. R. Ambedkar

To

M. K. Gandhi Esq.,
Yerawada Jail,
P o o n a.

For reply vide S.N. 20265 D/ 16-2-33


કેન્દ્રીય એસેમ્બલી (વડી ધારાસભા, દિલ્હી)માં રંગા-ઐયર દ્વારા રજૂ થયેલા મંદિરપ્રવેશ બિલ બાબતે પોતાની નાપસંદગી દર્શાવતો પત્ર ડૉ. આંબેડકરે ગાંધીજીને લખ્યો હતો.




Damodar Hall
Bombay-12
18-2-33

Dear Sir

Many thanks for your letter inviting me to Ratnagiri to open the temple on the fort to the untouchables. I am extremely sorry that owing to previous engagements I am unable to accept your invitation. I however wish to take this opportunity of conveying to you my appreciation of the work you are doing in the field of social reform. As I look at what is called the problem of the untouchables I feel it is intimately bound up with the question of the reorganization of Hindu Society. If the untouchables are to be a part and parcel of the Hindu Society then



સ્વાતંત્ર્ય વીર સાવરકરે રત્નાગીરીમાં
પતિતપાવન મંદિરનું નિર્માણ કરાવ્યું
તેના ઉદ્‌ઘાટન માટે ડૉ. આંબેડકરને
આગ્રહપૂર્વક આપેલા આમંત્રણ બાબતે
ડૉ. આંબેડકરનો જવાબ




જનતા (સાપ્તાહિક)
ડૉ. આંબેડકર
જન્મજયંતી વિશેષાંક
એપ્રિલ, (૧૯૩૩) 'આ
ગુલામીની બેડીએ હું
આમ તોડીને જ જંપીશ'



આત્મજનીય પરિવાર સાથે. (ડાબેથી) પુત્ર યશવંત,
ડૉ. આંબેડકર, રમાબાઈ આંબેડકર, વિધવા ભાભી લક્ષ્મીબાઈ અને
ભત્રીજા મુકુંદરાવ તથા તેમનો પાળેલો કૂતરો ટોબી... રાજગૃહ, વર્ષ ૧૯૩૪




પઠાણો શાહુકારોના
શોષણમાંથી દલિતોને
મુક્ત કરનાર બાહોશ
કાર્યકર દેવીદાસ
(ડેવીડદાદા)ને અંતિમ
વિદાય આપતા
ડૉ. આંબેડકર
અને ડૉ. પી. જી. સોલંકી,
સીતારામ શિવતરકર
(૨-૧-૧૯૩૫)



ધર્મપત્ની 'રામુ'ના અવસાન સમયે અંતિમ દર્શન કરતા ડૉ આંબેડકર, પુત્ર યશવંત,
શિવતરકર માસ્તર, ડૉ. સોલંકી વગેરે સાથે : તા. ૨૭-૫-૧૯૩૫

हिन्दुधर्मने अलविदा करवानो
ऐतिहासिक ठराव येवला (नासिक),
मुंबई ईलाका दलित धर्मांतर परिषद
ता. १३-१०-१९३५



# जाहीर खबर.

अमृतराव धोंडिबा रणखांबे
स्वागताध्यक्ष
मुंबई इलाखा दलित वर्गांची परिषद,
येवला, जि० नाशिक.

भिमराव रामजी आंबेडकर.
अध्यक्ष
मुंबई इलाखा दलित वर्गांची परिषद,
येवला, जि० नाशिक.



PRICE: ONE ANNA

INSURANCE

# The Bombay Chronicle

FOURTEEN PAGES

## Nemesis Overtakes Hindu Orthodoxy ?

Congress Cabinet To Meet To-day

### Ambedkar Throws Bombshell

Harijans Prepare For Conversion

Yeola Conference Decides On Acceptance Of Any Faith Guaranteeing Equality

### Reported Split In Abyssinian Ranks

A Column Renounces Allegiance To "Negus"

SEVERAL CHIEFTAINS SURRENDER TO ITALY?

British Subjects Asked To Leave Abyssinia

Fascist Retort To League

COMPROMISE IMPROBABLE?

RAJEN BABU AT MADRAS

ધર્માંતરની ઘોષણાના અખબારી પ્રત્યાઘાતો

માથામાં થતી અસહ્ય વેદનાના
ઉપચાર માટે કેવલ્યધામમાં
(લોનાવાલા)માં આયુર્વેદ-
યોગના શિરોધાર્ય ઉપચાર
માટે દાખલ થયા... શિરોધાર્ય
ઉપચાર માટે વાળ કઢાવી
નાખ્યા અને સંસ્થાના નિયમ
મુજબનો પહેરવેશ. સાથીદારો
અત્રે નાયિક વગેરેના
આગ્રહથી બાજુના સ્ટુડિયોમાં
જઇ સાધુ-સંન્યાસીની કફની
પહેરેલો ફોટો પડાવ્યો હતો.
(૧૯૩૬)






# अखिल मुंबई इलाखा महार परिषद

## जाहीर विनंती पत्रक.


યેવલા ધર્માંતર પરિષદના સમર્થનમાં નાયગાવ (મુંબઈ) માં, મુંબઈ ઈલાકા મહાર પરિષદની ઘોષણાની પત્રિકા. ડૉ. આંબેડકરે પરિષદમાં 'મુક્તિ કયા માર્ગે' વિષય ઉપર ઐતિહાસિક પ્રવચન કર્યું હતું. (૩૦-૩૧ મે, ૧૯૩૬)




તા. ૧૫ ઓગસ્ટ, ૧૯૩૬ના દિવસે ડૉ. આંબેડકરે સ્વતંત્ર મજૂર પક્ષ (Independent Labour Party)ની સ્થાપના કરી. આ પક્ષના વિધાનસભામાં ૧૪ અને વિધાન પરિષદમાં બે વિજયી ઉમેદવારો તથા કાર્યકરો સાથે ડૉ. આંબેડકર.


મુંબઈ ઈલાકાની ધારાસભાના સ્વતંત્ર મજૂર પક્ષના
સભ્યોને અભિનંદન આપવાનો
જાહેર મેળાવડો

મુંબઈમાં વસતા ખેડા જિલ્લાના ગુજરાતી સમાજ દ્વારા સ્વંતત્ર મજૂર પક્ષના સભ્યોને અભિનંદન આપવા જાહેર મેળાવડાની પત્રિકામાં બાબાસાહેબ આંબેડકર અને ડૉ. પી. જી. સોલંકી



૧૯૩૮માં ચીની મુસ્લિમ પ્રતિનિધિમંડળ સાથે બેરિસ્ટર હુસેન, ડૉ. આંબેડકર,
ઓથામાનઓહ અને ભારતીય સીને પત્રકાર રામ ઔરંગાબાદકર



# दलित निराश्रीत सहाय्यक फंड

अस्पृश्य बंधू भगिनींना कळविण्यांत येते की, गरीब व निरापराध अशा अस्पृश्य वर्गीय लोकांवर स्पृश्य वर्गीय लोकांकडून मुंबई व इतरत्र अनेक ठिकाणी मारहाण, छळ, अत्याचार व जुलूम केला जात असल्याच्या शेंकडों तकारी हरघडी आमच्याकडे येत आहेत. वरील जुलूमामुळें अनेक गरीब व निराश्रीत लोकांचे अनन्वीत हाल होत आहेत. अशा प्रसंगी आपल्या निराश्रीत बंधूना शक्य त्यामार्गे सहाय्यता करणें हे आपले दरेक ज्ञाती हितेच्छू बांधवांचे कर्तव्य आहे. आणि म्हणून या असल्या निकडीच्या कामासाठी

दलित निराश्रीत सहाय्यक फंड

या नांवाचा फंड मी काढीत आहे. फंडाच्या नांवावरून त्याची गरज व महत्व आपण जाणतां. या कामी कमीत कमी रु. २ पेक्षां कमी नाहीं इतकी तरी मदत आपण दरेकानी करणें आज आपलें प्रथम व पवित्र कर्तव्य आहे. या फंडाच्या पावती शिवाय कोणीही मदत करूं नये. अशी विनंति आहे.

ज्या ज्या ठिकाणी अस्पृश्य लोकांवर स्पृश्यवर्गीय लोकांकडून मारहाण छळ अगर जुलूम होईल त्याची सविस्तर हकिकत खालील पत्त्यावर कळवीत जावी. त्या बाबत योग्य ती चौकशी होऊन शक्य ती सहाय्यता केली जाईल.

पत्रव्यवहार श्री भाऊराव कृष्णराव गायकवाड अध्यक्ष मुंबई प्रांतिक दलित फेडरेशन, धन मॅनशन खिन्सेट रोड, दादर मुंबई नं. १४ या पत्त्यावर करावा.

SUBHEDAR SAWADKAR FAMILY'S LIBRARY
No. ..............

आपला
भिमराव रामजी आंबेडकर


દલિત નિરાશ્રિત
સહાયક ફંડમાં મદદ
કરવા દલિતોને
ડૉ. આંબેડકરની
અપીલ



LEADERS SATISFIED AT RESPONSE

Ambedkar And Capture Of Power By Workers





સુસ્વાગતમ્

જનાબ ડૉ. આંબેડકર સાહેબ,

તા. ૨૨-૧૦-૧૯૩૮

મજૂરોના 'હડતાળ પાડવાના હક્ક' ઉપર તરાપ મારતો મુંબઈ વિધાનસભામાં "ઔદ્યોગિક વિવાદ બાબત" કાયદો લાવવામાં આવ્યો. આ કાળા કાયદાના વિરોધમાં ડૉ. બી. આર. આંબેડકરના નેતૃત્વમાં સાઇઠ મજૂર સંગઠનોએ ૭ નવેમ્બર, ૧૯૩૮એ હડતાળનું એલાન કર્યું. જેમાં સામ્યવાદી પક્ષનું યુનિયન પણ સામેલ હતું. સફળ હડતાળને પત્રકારોએ બિરદાવી ડૉ. આંબેડકરની મજૂર નેતા તરીકે પ્રશંસા કરી.

'પત્રિકા' બાવળા (અમદાવાદ)માં ડૉ. બાબાસાહેબ આંબેડકરને સન્માનપત્ર અર્પણ તા. ૨૨-૧૦-૧૯૩૮



ગાંધીજીનું જીવનચરિત્ર લખનાર વિશ્વપ્રસિદ્ધ લેખક લુઈ ફિશરે (૧૯૩૮-૩૯)
મુંબઈ આવી ડૉ. આંબેડકરની ઘણી મુલાકાતો લીધી હતી.
તસવીરમાં પી. એન. રાજભોગ, લેખક લુઈ ફિશર સાથે
ડૉ. આંબેડકર તેમજ ગણપત જાધવ (મટકે બુવા)



વીસ હજાર સમતા સૈનિક દળની સલામી પછી પરેડ નિહાળતા બાબાસાહેબ આંબેડકર
તથા ગણપત જાધવ (મટકે બુવા) કામદાર મેદાન (મુંબઈ) તા. ૮-૧-૧૯૩૯



દલિતોનાં રહેઠાણો-ચાલીઓમાં દલિતોની હાડમારીઓની
જાતતપાસ માટે સાથીઓ સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર



અમદાવાદને ગોવિંદજી ટી. પરમારની અધ્યક્ષતામાં દલિત રાજકીય પરિષદ પ્રસંગે
ડૉ. આંબેડકરને સરઘસાકારે ટાઉન હોલ તરફ લઈ જતો વિશાળ જનસમૂહ : તા. ૧૬-૫-૧૯૪૧
(કારમાં બાબાસાહેબ આંબેડકર સાથે પુરુષોત્તમ મકનજી પટણી (ટોપીવાળા ઊભા) કરશનદાસ
માનસિંહ લેઉવા અને ગંગારામ કાકા)



અમદાવાદને આંગણે ટાઉનહોલમાં તા. ૧૫-૧૬ માર્ચ, ૧૯૪૧ના રોજ પ્રથમ દલિત રાજકીય પરિષદ નિમિત્તે સમતા સૈનિક દળના સભ્યો સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ડાબી બાજુએ પુરુષોત્તમ મકનજી પટણી, વી. ટી. પરમાર જમણી બાજુએ પાઘડીવાળા ગંગારામ પીતાબંર પરમાર (ગંગારામ કાકા), કરશનદાસ માનસિંહ લેઉવા (કાળી ટોપીવાળા), ગણવેશધારી મણિલાલ ગંગારામ પરમાર, મટકે બુવા (ગણપત જાદવ) ચરણોમાં બેઠેલા સેમ્યુલ રૂપા મયાત્રા વગેરે ગણવેશધારી સૈનિકો.

દ્વિતીય વિશ્વવિગ્રહ નિમિત્તે રચાયેલી રાષ્ટ્રીય સુરક્ષા
સમિતિના સભ્યો સાથે ડૉ. આંબેડકર





મહિલાઓ દ્વારા ડૉ. આંબેડકરના
જન્મદિવસની ઉજવણીનો કાર્યક્રમ
તા. ૧૪ એપ્રિલ, ૧૯૪૨, દાદર, મુંબઈ

ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાના મંત્રીમંડળમાં શ્રમમંત્રી બનેલા
ડૉ. આંબેડકરનું તેમના નિવાસસ્થાને સન્માન કરતી
મહિલાઓ : તા. ૨ જુલાઈ, ૧૯૪૨





વાઈસરોયની કાર્યકારિણીમાં શ્રમમંત્રીનું સ્થાન
પામતા ડૉ. આંબેડકરનું ભવ્ય સન્માન, મુંબઈ
તા. ૧૨, જુલાઈ, ૧૯૪૨

૧૯-૨૦, જુલાઈ - ૧૯૪૨માં નાગપુર મુકામે ઓલ ઇન્ડિયા શીડયુલ્ડ કાસ્ટ
ફેડરેશનની સ્થાપના સમયે કાર્યકરો સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર





માલિક, મજૂર અને સરકારની ત્રિપક્ષી પરિષદના જનક ડૉ. આંબેડકરના
(તા. ૨૪ જુલાઈ, ૧૯૪૨, દિલ્હી) મજૂર કાયદાઓમાં એકરૂપતાની આવશ્યકતા વિષય પર પ્રવચન સમયે
દ્વારકાદાસ પ્રધાન, વિ. વિ. ગિરિ, એન. એમ. જોષી, જમનાદાસ મહેતા તથા અન્ય મજૂર નેતાઓ

મહારાષ્ટ્રનાં પૂના જિલ્લા લોકલ બોર્ડના ઉપક્રમે
ડૉ. બી આર. આંબેડકરનું સન્માન લોકલ બોર્ડના પ્રમુખ
અ. ગો. આવડે તથા અન્ય સદસ્યો સાથે






શ્રમમંત્રી ડૉ. આંબેડકર ધનબાદ (બિહાર)ના કોલસા ખાણીયા મજૂરોના રહેઠાણોની મુલાકાતે તા. ૯ ડિસેમ્બર, ૧૯૪૩, ધનબાદ



ડો. આંબેડકર ઔરંગાબાદના ન્યાયાલયમાં. તા. ૨૮ જુલાઈ, ૧૯૪૪

રાષ્ટ્રમાં સર્વપ્રથમ શ્રમજીવી સેવા યોજનાનો પ્રારંભ કલકત્તામાં
કરવામાં આવ્યો હતો શ્રમમંત્રી ડૉ. આંબેડકર
તા. ૨૩ ઓગસ્ટ, ૧૯૪૪





'ડૉ. આંબેડકર સ્કૂલ ઓફ પોલિટિક્સ'ની પૂનામાં સ્થાપના સમયે
અનુયાયીઓ સાથે ડૉ. આંબેડકર. તા. ૧૮ જાન્યુઆરી, ૧૯૪૫




ઓલ ઇન્ડિયા શીડ્યુલ્ડકાસ્ટ ફેડરેશનના તૃતીય વાર્ષિક અધિવેશનમાં પક્ષના સ્થાપક નેતા
ડૉ. બી. આર. આંબેડકર અને પક્ષપ્રમુખ એન. શિવરાજ નરેપાર્ક, મુંબઈ
તા. ૫-૬, મે, ૧૯૪૫



ડૉ. આંબેડકરની ઉપસ્થિતિમાં
તેમના નિકટના સાથી ગણપત
જાધવ (મટકે બુવા)
તૃતીય અધિવેશનના સ્વાગત
અધ્યક્ષ તરીકે સંબોધી રહ્યા છે.




શીડ્યુલ્ડકાસ્ટ ફેડરેશનના
તૃતીય વાર્ષિક અધિવેશનને
સંબોધતા ડૉ. બી. આર.
આંબેડકર. વિષય હતો
“Communal dead Lock and
way to solve it” “કોમી કોયડો
અને તેના ઉકેલનો માર્ગ...”
તા. ૬-૫-૧૯૪૫



'શિક્ષિત બનો' સૂત્રને સાકાર કરવા
ડૉ. આંબેડકરે સ્થાપેલ 'પીપલ્સ
એજ્યુકેશન સોસાયટી'ની કાર્યકારિણી સમિતિ સાથે
ડૉ. બી. આર. આંબેડકર
તા. ૮-૭-૧૯૪૫

ડૉ. આંબેડકરે સ્થાપેલ પીપલ્સ
એજ્યુકેશન સોસાયટીના
ઉપક્રમે મુંબઈના ફોર્ટ
વિસ્તારમાં બે બિલ્ડિંગ
બુદ્ધભવન અને આનંદભવન
ખરીદવામાં આવી. જેમાં
આર્ટસ, સાયન્સ, કોમર્સ અને
લૉ કોલેજ ચાલી રહી છે






મુંબઈ પ્રાંત ઓલ ઇન્ડિયા શી. કા. ફેડરેશનના અધિવેશનમાં
ડૉ. બાબાસાહેબ આંબેડકર સાથે ગુરુ ગોવિંદજી. ટી.
પરમાર, પી. એમ. પટણી, નીચે ગણપત જાદવ (મટકે બુવા)
અને વી. ટી. પરમાર, અમદાવાદ
તા. ૨૯-૩૦, ૧૯૪૫




ડૉ. આંબેડકરને અમદાવાદ મ્યુનિસિપાલિટીના ઉપક્રમે ગાંધી હોલમાં એનાયત થયેલ સન્માનપત્ર
તા. ૩૦ નવેમ્બર, ૧૯૪૫

સૂરતનું સન્માનપત્ર





બ્રિટિશ સરકારે પ્રસ્તુત
કરેલી 'ક્રિપ્સ યોજના'નો
વિરોધ કરવા જાહેર
પરિષદ પ્રતિ પ્રસ્થાન કરતા
ડૉ. બી. આર. આંબેડકર
અને બેરિસ્ટર તેજબહાદુર
સપ્રુ, ગાંધીમેદાન, દિલ્હી
તા. ૩-૨-૧૯૪૬


હિન્દુસ્તાનની સ્વતંત્રતા વિશે વિચાર વિમર્શ કરવા બ્રિટિશ સરકારના
કેબિનેટમિશન (ત્રિસ્તર શિષ્ટમંડળ) સર સ્ટ્રેફર્ડે ક્રીપ્સ સાથે હસ્તધૂન
કરતા કનૈયાલાલ માણેકલાલ મુનશી પાછળ સસ્મિત આવકાર આપતા
ડૉ. આંબેડકર અને કાવસજી જહાંગીર, દિલ્હી
તા. ૨૪-૩-૧૯૪૬





ભારત પધારેલા બ્રિટિશ મંત્રી 'હિન્દી વજીર' લોર્ડ પૈથીકલેરેન્સ
સાથે લોર્ડ વેવેલની કાર્યકારણી સાથે સમૂહ તસવીરમાં શ્રમમંત્રી
ડૉ. બી. આર. આંબડેકર : તા. ૨૪-૩-૧૯૪૬

દિલ્હી પ્રદેશ શી. કા. ફેડરેશનના પદાધિકારીઓ તથા
કાર્યકરો સાથે ડૉ. આંબેડકર : તા. ૧૯-૫-૧૯૪૬





દલિત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ કરવાની
ડૉ. આંબેડકરની યોજના અન્વયે પ્રથમ સોળ વિદ્યાર્થીઓના સમૂહને
પ્રોત્સાહિત કરતા ડૉ. બાબાસાહેબ આંબેડકર : જૂન, ૧૯૪૬

શી. કા. ફેડરેશનની કાર્યકારિણી સમિતિની બેઠકમાં હૈદરાબાદ રાજ્યના કેળવણી પ્રધાન સુબૈયા,
ડૉ. બાબાસાહેબ, એન. શિવરાજ (મદ્રાસ), જોગેન્દ્રનાથ માંડલ (કલકત્તા)
તા. ૨૨, ૨૫, ઓગસ્ટ, ૧૯૪૬













ઓલ ઇન્ડિયા શી. કા. ફેડરેસન્સની વર્કિંગ કમિટીની બેઠક ડો. બાબાસાહેબ આંબેડકરના
નિવાસ સ્થાન 'રાજગૃહ' (દાદર મુંબઇ)નો સમુહ ફોટો જેમાં ગુજરાતના ગંગારામ કાકા,
કરશનદાસ માનસિંહ લેઉવા તથા કાળી ટોપી બંડી પહેરેલા પુરષોત્તમદાસ મંકજી પટણી
ડો. બાબા સાહેબની આંબેડકર અને એન. શીવરાજની પાછળ ઉભા છે... (૧૯૪૫)

કાનૂન મંત્રી ડૉ. આંબેડકર સહિત સ્વતંત્ર
ભારતના પ્રથમ મંત્રીમંડળ સાથે ગવર્નર
જનરલ માઉન્ટ બેટન





સંવિધાનના સર્જન માટે સંવિધાન સભાએ ડૉ. આંબેડકરની અધ્યક્ષતામાં સાત સભ્યોની
મુસદ્દા સમિતિની સર્વાનુમતે રચના કરી તે સમિતિમાં
બેઠેલા (૧) એન. માધવરાવ (૨) સૈયદ સાદુલ્લા (૩) અલ્લાદી કૃષ્ણાસ્વામી ઐયર,
(૪) સર બેનેગલ નરસિંહરાવ (સંવિધાન સલાહકાર) ડાબે પાછળ ઊભેલા અધિકારી :
એસ. એન. મુખર્જી, જુગલ કિશોર ખન્ના, કેવલ કૃષ્ણનન્




સંવિધાન સભામાં પ્રથમ પંક્તિમાં બેઠેલા
ધ્યાનમગ્ન ડૉ. આંબેડકર



સ્વતંત્ર ભારતના કાયદા
પ્રધાન ડૉ. આંબેડકર અને
ઉદ્યોગ પ્રધાન શ્યામાપ્રસાદ
મુખર્જી સંસદભવન બહાર
ગુફ્તેગૂ કરી રહ્યા છે.



હિન્દુ મહાસભાનું પ્રતિનિધિમંડળ સીતારામ કેશવ બોલેની
અધ્યક્ષતામાં ડૉ. આંબેડકરને ભગવો ધ્વજ ભેટ આપી તેને
ભારતના રાષ્ટ્રધ્વજ નક્કી કરવાની માગણી કરી રહ્યા છે. પ્રબોધન
ઠાકરે, અનંત હરિગદરે સાથે હતા. (૧૦, જુલાઈ, ૧૯૪૭)
ડૉ. આંબેડકર ધ્વજ સમિતિના સભ્ય હતા.
(સ્થળ : મુંબઇ સાંન્તાક્રુઝ એરપોર્ટ)




લોકમાન્ય તિલકના નિષ્ઠાવંત અનુયાયી
ડૉ. મોતીરામ વેલકરના અમૃત મહોત્સવ નિમિત્તે રજતતુલા કાર્યક્રમમાં ઉપસ્થિત
ડૉ. આંબેડકર, કે. બી. જોષી, ડૉ. નારાયણ દામોદર સાવરકર, ડૉ. વેલકર સપ્રે
અને હિન્દુ મહાસભાના નેતા સીતારામ કેશવ બોલે. (પાઘડીવાળા)




સમગ્ર વિશ્વને હચમચાવી મૂકનાર ઘટના-મહાત્મા ગાંધીજીની હત્યાના સમયે નાદુરસ્ત તબિયત છતાં બિરલા હાઉસ પહોંચેલા ડૉ. આંબેડકર મહારાષ્ટ્રના કોંગ્રેસી નેતા શંકરરાવ દેવ સાથે દુ:ખદ ઘટના વિશે વાતચીત કરી રહ્યા છે.



ડૉ. આંબેડકરે સારસ્વત બ્રાહ્મણ ડૉ. શારદા કબીર સાથે ગુરુવાર તા. ૧૫ એપ્રિલ, ૧૯૪૮ના દિવસે રજિસ્ટર મેરેજ એક્ટ અન્વયે લગ્ન કર્યા હતા. લગ્ન પછીનું નામ તેમણે 'સવિતા' રાખ્યું હતું!





સ્વતંત્ર ભારતના પ્રથમ ભારતીય ગવર્નર
જનરલ ચક્રવર્તી રાજ ગોપાલાચાર્યના
સાંનિધ્યમાં સ્વતંત્ર ભારતના પ્રથમ
પ્રધાનમંડળમાં ડૉ. આંબેડકર, દિલ્હી
જૂન, ૧૯૪૮



રાજગોપાલાચારી પ્રથમ
ભારતીય ગવર્નર જનરલ
બન્યા તે નિમિત્તે સરદાર
વલ્લભભાઈ પટેલે
ભોજનસમારંભ આયોજિત
કર્યો હતો. વડા પ્રધાન
નહેરુ સાથે
ડૉ. આંબેડકર અને
પ્રધાનમંડળના અન્ય
મહાનુભાવો
જૂન, ૧૯૪૮



ડૉ. આંબેડકરે કરેલા પુનઃ લગ્નના માનમાં
ગવર્નર જનરલ રાજાજીએ ભોજન પાર્ટી આપી હતી.
તેમાં ડૉ. સવિતા આંબેડકર સાથે
ડૉ. બી. આર. આંબેડકર વાઇસરોય હાઉસ, દિલ્હી
તા. ૨૮-૭-૧૯૪૮


BHIMRAO R. AMBEDKAR
M.A., Ph.D., D.Sc.
Barrister-at-Law

1, Hardinge Avenue
New Delhi
12/2/50

Dear Mr Jadhav,

Thank you very much for your letter of the 30th Jan. I regret not being able to reply to it earlier. I am glad to learn that you have been able to secure a copy of Shri Sayaji Shasan Shabda Kalpa Taru. Please [illegible] it to me at the above address by Registered Post.

With kind regards I am
Yours sincerely
B.R. Ambedkar







BHIMRAO R. AMBEDKAR
M.A., Ph.D., D.Sc.
Barrister-at-Law

1, Hardinge Avenue
New Delhi
20/2/50

My dear Jadhav,


The Kalpa Taru has reached me safely. I am very grateful to you for the trouble you have taken in securing it and sending it. What a wonderful book it is! What a long vision [illegible] Sayajirao had.

There is another matter I would like to write to you about. The Baroda Government had started a series called the Gaekwad Oriental Series. Many books have been published in that series



I would very much like to secure one set of the books in the series for our Siddharth College. I wonder if this is possible. I don't know any body in Baroda now. Can you [illegible] me [illegible] know whom I [illegible] in the matter?

With kindest regards
Yours sincerely
B.R. Ambedkar



દિવંગત દૂધાભાઇ રણછોડભાઇ જાદવ (૧૯-૧૧-૧૯૮૩) મહેસાણા જિલ્લાના કલોલ - ગાયનો ટેકરો વણકરવાસના વતની વડોદરા ગાયકવાડી શાશનમાં સેવા આપતા હતા અને ડો. બાબા સાહેબ આંબેડકર સાથે સંપર્ક થતા... ભારત સરકારના કાયદાપ્રધાન ડો. આંબેડકરના પોતાના હસ્તાક્ષરમાં આત્મીયતાથી દૂધાભાઇ જાદવને તા. ૧૨-૨-૧૯૫૦ પત્ર લખી 'સયાજી શાશન કલ્પતરુ' ગ્રંથ મોકલવા વિનંતી કરે છે. દૂધાભાઇ ગ્રંથ મોકલે છે તો પોતાના જ હસ્તાક્ષરોમાં તા ૨૦-૨-૧૯૫૦ના પત્રથી ડો. આંબેડકર આભાર માને છે અને સયાજી ગ્રંથમાળા સીરીજના અન્ય પુસ્તકો સિધ્ધાર્થ કોલેજ માટે મોકલવા વિનંતી કરે છે. આપણા ગુજરાત માટે ગૌરવની બાબત છે...



મુખ્ય મંત્રી શેખ અબ્દુલ્લાના આમંત્રણથી કાશ્મીર
ગયેલા આંબેડકર દંપતી કાશ્મીરમાં તૈનાત મહાર
રેજીમેન્ટના બહાદુર અધિકારીઓ સાથે



સંવિધાન સમિતિના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને સંવિધાન
સુપરત કરતા મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડૉ. આંબેડકર
તા. ૨૫ નવેમ્બર, ૧૯૪૯

ભારતીય સંવિધાનના શિલ્પીનું પદ પ્રાપ્ત કરનાર
ડૉ. આંબેડકરનું અભિવાદન કરતા અનુયાયીઓ
રજત મંજુષામાં સંવિધાનપ્રત મૂકી તેમને અર્પણ કરી,
નરેપાર્ક, મુંબઈ : તા. ૧૧ જાન્યુ, ૧૯૫૦





મુંબઈ સિદ્ધાર્થ મહાવિદ્યાલયના ત્રીજા વાર્ષિક
ઉત્સવ નિમિત્તે મુખ્ય મહેમાન ગવર્નર
શ્રી રાજા મહારાજાસિંહ સાથે ડૉ. આંબેડકર
અને સી. કે. બોલે, મુંબઈ
તા. ૧૨, જાન્યુ, ૧૯૫૦

ઔરંગાબાદમાં મિલિંદ કોલેજના નાગસેન વનમાં
બોધિવૃક્ષનું રોપણ કરતા ડૉ. બાબાસાહેબ આંબેડકર





રાષ્ટ્રપતિ ભવનના પટાંગણમાં ચક્રવર્તી રાજગોપાલાચાર્ય
અને એ. સી. એલેક્ઝાન્ડર સાથે ડૉ. આંબેડકર, દિલ્હી,
ગવર્નર હાઉસ : તા. ૧૮-૧-૧૯૫૦




તા. ૨૬, જાન્યુઆરી
૧૯૫૦ પ્રજાસત્તાક
ભારતના મંત્રી મંડળમાં
કાનૂન મંત્રી ડૉ.
આંબેડકર




ભારતીય સંસદ ભવનના પ્રાંગણમાં સંવિધાન સભાના
સભ્યો તથા અધ્યક્ષ સાથે ડૉ. આંબેડકર










તા. ૨૫-૧૧-૧૯૪૯ના દિવસે બંધારણ સભાએ
ભારે હર્ષનાદ સાથે બંધારણ પસાર કર્યું...
તે દિવસે બંધારણના ઘડવૈયાઓએ કરેલાં
ઐતિહાસિક હસ્તાક્ષર!!





દિલ્હી સ્થિત મહાબોધિ સોસાયટીના બૌદ્ધ વિહારમાં ભગવાન બુદ્ધના જન્મદિવસ ઉત્સવમાં પ્રવચન કરતા ડૉ. આંબેડકર. સમારંભના પ્રમુખસ્થાને બર્માના રાજદૂત માઉંગ ગાઈ (MAUIG Gal) હતા




પંડિત નહેરુ તથા ગુલઝારીલાલ નંદાની ઉપસ્થિતિમાં કાનૂન
મંત્રી તરીકે રાષ્ટ્રપતી ડૉ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા શપથ ગ્રહણ
કરતા ડૉ. આંબેડકર રાષ્ટ્રપતિ ભવન, દિલ્હી
તા. ૮-૫-૧૯૫૦

ડૉ. આંબેડકર ઔરંગાબાદના
ન્યાયાલયમાં
તા. ૨૮ જુલાઈ, ૧૯૪૪



વાયોલીન શીખવા ડૉ. આંબેડકરે
સ્વહસ્તાક્ષરોમાં કરેલી નોંધ
સંગીતકાર કૃષ્ણરાવ ફુલીવિસ્કર
ડૉ. આંબેડકરે એચ. એચ. વી.
કંપની પાસે બુદ્ધવંદના રેકર્ડ કરવા
ઓલ ઇન્ડિયા રેડિયોના અધિકારી
શ્રી ભોંસલેને લખેલો પત્ર



Bhimrao R. Ambedkar
M.A. Ph.D. D.Sc.
Barrister-at-Law

"Rajgraha"
Dadar,
Bombay, 14.

19.7-52

My dear Bhosle,

I have your letter. I am very angry with this fellow Master Krishnarao. Altho he promised to do everything he has done nothing altho it is more than 3 months. I am therefore glad that you are coming. In fact I was thinking of writing to you to come. You must come with more leave on hand. You must stop at Poona



દિલ્હી આંબેડકર જયંતી ઉત્સવના અધ્યક્ષ સ્થાનેથી પ્રવચન
કરતા ડૉ. આંબેડકર. મુખ્ય મહેમાન ફ્રાંસના રાજદૂત અને
બર્માના રાજદૂત એકચિત્તે સાંભળી રહ્યા છે. આયોજક
શંકરાનંદ શાસ્ત્રી વ્યવસ્થા નિહાળી રહ્યા છે



મિલિંદ મહાવિદ્યાલય (ઔરંગાબાદ)ની નવી ઈમારતનો
શિલાન્યાસ કરતા રાષ્ટ્રપતિ, રાજેન્દ્ર પ્રસાદ સાથે
ડૉ. આંબેડકર, ઔરંગાબાદ : તા. ૧-૯-૧૯૫૧



અબળાઓના અધિકાર માટે સંસદમાં 'હિન્દુકોડ બિલ'
લાવ્યા તે સમયે ચર્ચાનો જવાબ આપતાં ડૉ. આંબેડકર

પ્રજાસત્તાક ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં શી. કા. ફેડરેશનના ઉમેદવાર તરીકે
મધ્ય મુંબઈ મતદાર વિસ્તારમાં ચૂંટણી પ્રચારસભાને સંબોધતા ડૉ. આંબેડકર
શિવાજીપાર્ક, મુંબઈ : તા. ૨૫-૧૧-૧૯૫૧





સંવિધાન શિલ્પી ડૉ. આંબેડકરના આ મહાન કાર્ય માટે
પોતાના વિદ્યાર્થીનું સન્માન કરી એલ. એલ. ડી.ની (ડૉક્ટર
ઓફ લોઝ) માનદ પદ્‌વી એનાયત કરી ગૌરવ કરતી
અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટી : તા. ૫ જૂન, ૧૯૫૨


પોતે જે વિદ્યાલયમાં અભ્યાસ કરી ગ્રેજ્યુએટ થયા તે
એલ્ફિન્સ્ટન  કોલેજના વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન
તરીકે હળવી પળોમાં ડૉ. આંબેડકર






મિલિંદ મહાવિદ્યાલય (ઔરંગાબાદ)ની ઈમારતના
પટાંગણમાં ડૉ. આંબેડકર અને શ્રીમતી ડૉ. સવિતા
આંબેડકર સાથે આચાર્ય એમ. બી. ચીટનીસ અને
રાયબહાદુર સી. કે. બોલે

પોતાના ત્રણ ગુરુ પૈકીના એક મહાત્મા જ્યોતિરાવ ફૂલેની
ફિલ્મનું મુહૂર્ત કરતા ડૉ. આંબેડકર, ડૉ. સવિતા આંબેડકર
સાથે ફૂલેના વેષભૂષામાં કલાકાર બાબુરાવ પેંઢારકર,
ચિત્રના નિર્માતા આચાર્ય પી. કે. અત્રે.
તા. ૪ જાન્યુ. ૧૯૫૪, મુંબઈ






ડૉ. બાબાસાહેબ આંબેડકરને ષષ્ઠિપૂર્તિ કાર્યક્રમમાં
એક લાખ એંશી હજાર રૂપિયાના ફાળાની થેલી અર્પણ કરતા આર. ડી. ભંડારે.
આ નાણાં ડૉ. આંબેડકરે ઈમારત ફંડને સુપરત કર્યા હતા, નાયગાંવ પુરદંરે
સ્ટેડિયમ, મુંબઈ : તા. ૨૯ ઓક્ટોબર, ૧૯૫૪



મુંબઈ (નરેપાર્ક)માં તા. ૨૪, મે, ૧૯૫૬ની બુદ્ધજયંતી ઉત્સવમાં પ્રવચન કરતા ડૉ. આંબેડકર મુખ્ય મહેમાન તરીકે પૂર્વ મુખ્યમંત્રી બાળા સાહેબ ખેર અને ડૉ. સવિતા આંબેડકર. મુંબઈમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની આ અંતિમસભા સાબિત થઈ!




'પ્રબુદ્ધ ભારત' (સાપ્તાહિક)નો
બૌદ્ધદીક્ષા અંક મુખપૃષ્ઠ
ઓક્ટોબર, ૧૯૫૬



મહાથેરો ચંદ્રમણિના હાથે પોતાના લાખો અનુયાયીઓ સાથે નાગપુર મુકામે બૌદ્ધધર્મની દીક્ષા ગ્રહણ કરતાં ‘આંબેડકર દંપતી’
બાજુમાં મહાબોધિ સોસાયટીના મહામંત્રી દેવપ્રિય વલીસિંહ વંદના કરી રહ્યા છે : તા. ૧૪ ઓક્ટોબર, ૧૯૫૬

બૌદ્ધદીક્ષાના બીજા દિવસે પોતાના લાખો
અનુયાયીઓને બૌદ્ધદીક્ષા આપી સંબોધન કરી રહેલા
બોધિસત્ત્વ ડૉ. બાબાસાહેબ આંબેડકર





શાસ્તા બુદ્ધની પ્રતિમાને નમન કરતા બાબાસાહેબ
અને શ્રીમતી સવિતા આંબેડકર સાથે ઊભેલા
શંકરાનંદ શાસ્ત્રી અને નાનકચંદ રત્તુ...

‘આપણે બૌદ્ધધર્મ-ગ્રહણ
કેમ કર્યો’ તે વિશાળ જન
મેદનીને સમજાવતા
ડૉ. બાબાસાહેબ આંબેડકર





બૌદ્ધધર્મ દીક્ષાગ્રહણ કરતો સમુદાય

નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉપક્રમે
ડૉ. આંબેડકરનું સન્માન કરવામાં આવ્યું તે પ્રસંગે પ્રવચન
કરતા મેયરશ્રી આર. પી. સમર્થ, નાગપુર : તા. ૧૫-૧૦-૧૯૫૬





ચોથી વિશ્વબૌદ્ધ ભ્રાતૃસંઘ (The World Buddhist Fellowship)
અધિવેશનમાં બુદ્ધ અને કાર્લમાર્ક્સ વિશે પ્રવચન કરતા
ડૉ. આંબેડકર તેમની બાજુમાં નેપાળ નરેશ મહારાજા મહેન્દ્ર
ગુરુ ચંદ્રમણિ મહાથેરો તેમજ શ્રીમતિ સવિતા આંબેડકર પોતાના
નાનાભાઈ શ્રી બાલુ કબીર સાથે, કાઠમંડુ, નેપાળ
તા. ૨૦, નવેમ્બર, ૧૯૫૬



નેપાળથી વળતાં બૌદ્ધતીર્થોની યાત્રા કરતા સારનાથ (વારાણસી)માં મહાબોધિ સોસાયટીના ઉપક્રમે સત્કાર સમારંભમાં ડૉ. આંબેડકરનું સ્વાગત. પ્રવચન કરતા રામધન (સાંસદ) બાજુમાં ભિક્ષુ એમ. સંઘરત્ન (સેક્રટરી), ભિક્ષુ ધમ્મરત્ન, ભિક્ષુ સદ્ધતિસ્સ (પાછળ), સારનાથ-વારાણાસી : તા. ૨૪ નવેમ્બર, ૧૯૫૬

# ડૉ. બાબાસાહેબ આંબેડકર અનંતની યાત્રાએ...



તા. ૬-૧૨-૧૯૫૬ના દિવસે બાબાસાહેબ
અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા. તેમના
નિવાસસ્થાને, ૨૬, અલીપુર આવી વડા પ્રધાન
પંડિત નેહરુએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સાથે
સોહનલાલ શાસ્ત્રી દેખાય છે



તા. ૬ - ૧૨ - ૧૯૫૬ના દિવસે ડો. બાબાસાહેબ આંબેડકરના પરિનિર્વાણ સમયે તેમના નિવાસસ્થાને ૨૬, અલિપુર રોડ (દીલ્હી) પહોંચેલા રાષ્ટ્રીય કોંગ્રેસ અધ્યક્ષ શ્રી ઉછરંગરાય ન. ઢેબર અને કુ. મણીબહેન પટેલ (સાંસદ) અંતિમ દર્શન કરતા...

મુંબઈના તેમના નિવાસસ્થાન
(રાજગૃહ)થી નીકળેલી બાબાસાહેબની
સ્મશાનયાત્રા. શિવાજીપાર્ક, દાદરના
સાગરકિનારે તેમના પુત્ર દ્વારા
અંતિમસંસ્કાર વેળા ઉમટેલી જનમેદની





બાબાસાહેબ
આંબેડકરનો
ફોટો સ્કેચ



ભારતીય સંસદના પરિસરમાં
ડૉ. આંબેડકરની પ્રતિમાની અનાવરણ
વિધિ રાષ્ટ્રપતિ ડૉ. રાધાક્રિષ્નના હસ્તે
કરવામાં આવી હતી. સ્પીકર મા. સંજય
રેડી, મા. ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન,
ગૃહપ્રધાન મા. યશવંતરાવ ચૌહાણ
(અધ્યક્ષ. ડૉ. આંબેડકર મેમોરીયલ ટ્રસ્ટ
કે. જેના ઉપક્રમે આ ભવ્ય પ્રતિમા મૂકવામાં
આવી) સાંસદ દાદાસાહેબ ગાયકવાડ અને
પ્રતિમાના શિલ્પી બી. વી. વાઘ
તા. ૧૪-૪-૧૯૬૭



પાત્રીસ વર્ષ પશ્ચાત્ ભારતનું સર્વોચ્ચ નાગરિક સન્માન
'ભારતરત્ન' એવોર્ડ રાષ્ટ્રપતિ આર. વેંક્ટરામનના હસ્તે
ડૉ. આંબેડકરનાં પત્ની ડૉ. સવિતા આંબેડકરને એનાયત
કરવામાં આવ્યો, રાષ્ટ્રપતિ ભવન, અશોક હોલ, દિલ્હી
તા. ૧૪ એપ્રિલ, ૧૯૯૦

# ડૉ. આંબેડકર જીવનયાત્રા : ઘટનાક્રમ

| | |
|---|---|
| ૧૪, એપ્રિલ, ૧૮૯૧ | સુબેદાર રામજી માલોજી સકપાલ અને ભીમાબાઈનું ચૌદમું સંતાન, ભીમરાવનો મહુ MHOW (મધ્યપ્રદેશ) સૈનિક છાવણીમાં જન્મ. |
| ડિસેમ્બર, ૧૮૯૬ | માતાની છત્રછાયા ગુમાવી. |
| ૭ નવેમ્બર, ૧૯૦૦ | સતારા સરકારી વર્નાક્યુલર હાઈસ્કૂલમાં અંગ્રેજીના પ્રથમ વર્ગમાં પ્રવેશ. સ્વ. કૃષ્ણજી કેશવ આંબેડકર 'ગુરુજી'એ પોતાની અટક 'આંબેડકર' આપી. |
| ડિસેમ્બર, ૧૯૦૪ | મરાઠા હાઈસ્કૂલ (મુંબઈ)માં પ્રવેશ. |
| જાન્યુઆરી, ૧૯૦૫ | એલ્ફિસ્ટન હાઈસ્કૂલ (મુંબઈ)માં પ્રવેશ. |
| ડિસેમ્બર, ૧૯૦૭ | દાદા કૃષ્ણાજી કેળુસકર તરફથી ભગવાન બુદ્ધનું જીવનચરિત્ર ભેટ. મેટ્રિક પરીક્ષા ઉત્તીર્ણ. |
| ૩ જાન્યુઆરી, ૧૯૦૮ | મુંબઈની એલ્ફિસ્ટન કૉલેજના પ્રિવિયસન વર્ગમાં પ્રવેશ. |
| એપ્રિલ, ૧૯૦૮ | ભીખુ ધોત્રે વલાંગકરની (મામાને ત્યાં મુંબઈમાં ઉછરેલી સુપુત્રી) રામી-રમા સાથે લગ્ન. |
| ડિસેમ્બર, ૧૯૧૨ | પ્રથમ પુત્ર યશવંતનો જન્મ (ભૈયાસાહેબ આંબેડકર તરીકે જાણીતા). |
| ૬ જાન્યુઆરી, ૧૯૧૩ | અંગ્રેજી ફારસી વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીની ત્રીજા વર્ગમાં બી. એ.ની પરીક્ષા પાસ... |
| ૨૨-૨૩ જાન્યુઆરી, ૧૯૧૩ | વડોદરા રાજ્યની નોકરી માટે આગમન (તા. ૧૫-૧-૧૯૧૩) ઓર્ડર, વડોદરા કાયદા કાઉન્સિલ ધારાસભામાં નિમણૂક તા. ૨૪ એપ્રિલ, ૧૯૧૩. |
| ૨ ફેબ્રુઆરી, ૧૯૧૩ | પિતા રામજી સકપાલનું અવસાન, નોકરીનો ત્યાગ. |
| ફેબ્રુઆરી, ૧૯૧૩ | દાદા કેળુસકર કૃષ્ણાજી તથા રામચંદ્ર યાન્દ દ્વારા મહારાજા સયાજીરાવની મુંબઈમાં મુલાકાત. |
| ૪ એપ્રિલ, ૧૯૧૩ | વિદેશ ઉચ્ચ અભ્યાસ માટે વડોદરા રાજ્યની શિષ્યવૃત્તિ મંજૂર. |
| ૪ જૂન, ૧૯૧૩ | કરારપત્ર પર સહીઓ. |
| ૧૨ જુલાઈ, ૧૯૧૩ | એસ. એસ. અકોના જહાજ દ્વારા (અમેરિકા) ન્યૂયોર્ક માટે પ્રસ્થાન. |
| ૨૧ જુલાઈ, ૧૯૧૩ | સોમવારે સવારે ન્યૂયોર્કમાં પદાપર્ણ અને સપ્ટેમ્બર, ૧૯૧૩ના સત્ર માટે કોલંબિયા યુનિવર્સિટીમાં એમ.એ.ના (અર્થશાસ્ત્ર) વર્ગમાં પ્રવેશ. |
| ૨ જૂન, ૧૯૧૫ | એમ.એ. (અર્થશાસ્ત્ર-સમાજશાસ્ત્ર)ની પદવી પ્રાપ્ત કરી અને પીએચ.ડી. માટે નોંધણી કરાવી. |

| | |
|---|---|
| ૯ મે, ૧૯૧૭ | Prof. A. A. Golderwester. નૃવંશશાસ્ત્રના સેમિનારમાં 'ભારતમાં જાતિઓ' એ વિષય પર સંશોધન લેખનનું વાંચન કર્યું. America Journal of sociology નામના સંશોધન માસિકના મે મહિનાના અંકમાં World Best literature of month સંપાદકીય નોંધ સાથે તેનો આસ્વાદ કરાવ્યો. The Indian Antiquary માસિકમાં પ્રસિદ્ધ થયો. ડૉ. આંબેડકરનું આ પ્રથમ પ્રકાશિત સાહિત્ય હતું. |
| ૨૫ માર્ચ, ૧૯૧૬ | બોમ્બે ક્રોનિકલ દૈનિકમાં ફિરોજશાહ મહેતાના સ્મારક અંગે ચર્ચાપત્ર લખી લેખન આરંભ્યુ હતું... પત્રકારિતાનો પ્રારંભ.... |
| ૧૦ જૂન, ૧૯૧૬ | વધુ અભ્યાસ માટે અમેરિકાથી ઈંગ્લેન્ડ ગમન. |
| ૧૧ ઓક્ટોબર, ૧૯૧૬ | લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પોલિટિકલ સાયન્સમાં એમ.એસ.સી. તથા ડી.એસ.સી.ના અભ્યાસ માટે પ્રવેશ પ્રાપ્ત કર્યો. |
| મે, ૧૯૧૭ | કોલંબિયા યુનિવર્સિટીની પીએચ. ડી. પદવી પ્રાપ્ત કરી. (તે અધિકૃત રીતે ૮-૨-૧૯૨૭ના દિવસે પ્રાપ્ત થઈ.) |
| ૨૧ ઓગસ્ટ, ૧૯૧૭ | વડોદરા રાજ્યની શિષ્યવૃત્તિની સમયમર્યાદા પૂર્ણ થતાં અધૂરા અભ્યાસે સ્વદેશાગમન. |
| સપ્ટેમ્બર, ૧૯૧૭ | વડોદરા રાજ્યમાં અધિકારી તરીકે નિમણૂંક, ભવિષ્યમાં નાણાં સચિવ તરીકેની ખાતરી, પરંતુ અગિયારમે દિવસે નોકરીને તિલાંજલિ આપી. |
| ૧૧ નવેમ્બર, ૧૯૧૭ | સરકારી સિન્ડ્રોમ કૉલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ (મુંબઈ)માં અર્થશાસ્ત્ર- રાજ્યશાસ્ત્રના પ્રોફેસર તરીકેની નોકરીનો પ્રારંભ (૧૧ માર્ચ, ૧૯૨૦ સુધી નોકરી). |
| નવેમ્બર, ૧૯૧૭ | અગ્રજબંધુ આનંદરાવનું ક્ષયની બીમારીથી તેમની સાસરી ગોમીટવોટ (જિ. કુલાભા)માં અકાળ અવસાન તેમજ અપરમાતા જીજાબાઈનું પણ અવસાન. |
| ૨૭ જાન્યુઆરી, ૧૯૧૯ | જાહેર જીવનમાં પદાર્પણ, સાઉથબરો સમિતિ સમક્ષ દલિતોના પ્રશ્નો બાબતે રજૂઆત, ડૉ. પી. જી. સોલંકી સાથે. |
| જાન્યુઆરી, ૧૯૧૯ | સમાજ સુધારક-પ્રગતિવાદી કોલ્હાપુરના મહારાજા શાહુ સાથે મુલાકાત અને મૈત્રી. |
| ૩૧ જાન્યુઆરી, ૧૯૨૦ | મરાઠી પાક્ષિક 'મૂકનાયક'નો પ્રારંભ... ૨૪-૭-૧૯૨૪ અધિકૃત રીતે પુનઃસ્થાપના. |
| ફેબ્રુઆરી, ૧૯૨૦ | બહિષ્કૃત હિતકારિણી સભાની સ્થાપના. |
| ૨૦ માર્ચ, ૧૯૨૦ | માણેગાવ (કોલ્હાપુર)માં દલિત વર્ગોની પરિષદના પ્રમુખ અતિથિ શાહુ મહારાજ દ્વારા ડૉ. આંબેડકરની અભિજીત નેતાગીરીની ઉદ્ઘોષણા. |

| | |
|---|---|
| ૩૦-૩૧ મે | છત્રપતિ શાહુ મહારાજાની અધ્યક્ષતામાં અસ્પૃશ્યોનું અધિવેશન, નાગપુર. |
| ૫ જૂન, ૧૯૨૦ | વધુ અભ્યાસ માટે વિલાયતની વાટે, (બેરિસ્ટર તથા ડી.એસસી.નો અધૂરો અભ્યાસ પૂર્ણ કરવા). |
| ૩૦ સપ્ટેમ્બર, ૧૯૨૦ | લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં એમ. એસ.સી. તથા ડી.એસ.સી. માટે પ્રવેશ ગેઈઝ ઈનમાં બેરિસ્ટર માટે પ્રવેશ. |
| ૨૦ જૂન, ૧૯૨૧ | એમ.એસ.સી. પદવીની પ્રાપ્તિ. |
| ૫ એપ્રિલ, ૧૯૨૨ | જર્મનની બોન યુનિવર્સિટીમાં થોડો સમય અર્થશાસ્ત્રના અભ્યાસ માટે ગાળ્યો. |
| ૫ મે, ૧૯૨૨ | છત્રપતિ શાહુનું મુંબઈમાં અકાળ અવસાન. |
| ૫ ઓક્ટોબર, ૧૯૨૨ | ડી. એસ.સી. માટે થીસિસ યુનિવર્સિટીમાં પ્રસ્તુત કરી. |
| ૧૪ એપ્રિલ, ૧૯૨૩ | પુનઃ સ્વદેશાગમન. |
| ૫ જુલાઈ, ૧૯૨૩ | મુંબઈ હાઈકોર્ટમાં વકીલાતનો પ્રારંભ. |
| ૨૩ નવેમ્બર, ૧૯૨૩ | The Problem of Rupee its Origin and its solution મહાનિબંધ ડી. એસ.સી.ની ડિગ્રી માટે સ્વીકૃત, આ મહાનિબંધ પી.એસ.કિંગ્સ એન્ડ કંપની દ્વારા ડિસેમ્બર ૧૯૨૩માં ગ્રંથ સ્વરૂપે પ્રસિદ્ધ થયો. |
| ૨૦ જુલાઈ, ૧૯૨૪ | દલિતોના ઉત્થાન માટે બહિષ્કૃત હિતકારિણી સભાની અધિકૃત રીતે સ્થાપના તથા રજિસ્ટ્રેશન. 'શિક્ષિત બનો, સંઘર્ષ કરો, સંગઠિત થાવ' તેનો મુદ્રાલેખ હતો. |
| જુલાઈ, ૧૯૨૫ | બાર્શીમાં પ્રથમ દલિત વિદ્યાર્થી છાત્રાલયનો પ્રારંભ કર્યો. ડૉ. પી. જી. સોલંકી સાથે મળી બહિષ્કૃત શિક્ષણ પ્રચારક સંઘની સ્થાપના કરી હતી. (૧૪ જૂન, ૧૯૨૫) |
| જૂન, ૧૯૨૬ | હિલ્ટન યુગ રોયલ કમિશન સમક્ષ ભારતીય ચલણ અંગે આવેદનપત્ર પ્રસ્તુત કર્યું. |
| ૧૦ જૂન, ૧૯૨૫ | Bataliboi Accountancy કંપનીમાં ખંડસમયના વ્યાખ્યાતા તરીકે નોકરી સ્વીકારી. |
| ૨૬ ઓક્ટોબર, ૧૯૨૫ | 'દેશના દુશ્મન' જાણીતા બદનક્ષી કેસના બચાવ પક્ષે વિજયી બનતા વકીલાતના ક્ષેત્રે નામના પ્રાપ્ત. |
| ડિસેમ્બર ૧૯૨૬ | મુંબઈના પ્રાંતીક વિધાન પરિષદમાં સભ્ય તરીકેની નિમણૂક. : ડૉ. પી. જી. સોલંકી સાથે તેમની પણ નિમણૂક થઈ હતી. શપથવિધિ શુક્રવાર ૧૮ ફેબ્રુઆરી, ૧૯૨૭ બોમ્બે લેજિસ્લેટિવ કાઉન્સિલ. |
| ૧૯ માર્ચ, ૧૯૨૭ | મહાડ તળાવ સત્યાગ્રહ સંઘર્ષ દ્વારા માનવ અધિકારોની ઉદ્ઘોષણા. |
| ૩ એપ્રિલ, ૧૯૨૭ | પોતાના જ તંત્રીપદે 'બહિષ્કૃત ભારત' નામના મરાઠી પાક્ષિકનો પ્રારંભ. |

| | |
|---|---|
| ૪ સપ્ટેમ્બર, ૧૯૨૭ | સમાજ સમતા સંઘની સ્થાપના તથા દે. વી. નાઈકના (ગોવર્ધન બ્રાહ્મણ) તંત્રીપદે સમતા પાક્ષિકનો પ્રારંભ ૨૯ જૂન, ૧૯૨૮. |
| ૧૨ નવેમ્બર, ૧૯૨૭ | ડૉ. આંબેડકરના અગ્રજબંધુ બાળાસાહેબ આંબેડકરનું ૫૭ વર્ષની વયે મુંબઈમાં (નાયગાંવ) અવસાન, શોકજનક સમાચાર તેમને અમરાવતી ખાતે તાર દ્વારા મળ્યા. |
| ૨૫/૨૬ ડિસેમ્બર, ૧૯૨૭ | મહાડના મેદાનમાં પુનઃ ક્રાંતિનું રણશિંગું ફૂંકાયું. |
| ૧૯ માર્ચ, ૧૯૨૮ | વેઠિયાગીરીની નાબૂદી, વતનદારીની નાબૂદી બિલ પ્રસ્તુત કર્યું. |
| ૧૨ જૂન, ૧૯૨૮ | સરકારી લો. કૉલેજમાં પ્રોફેસર. (તે જ કોલેજમાં ૧૯૩૫થી આચાર્ય) |
| જૂન, ૧૯૨૮ | અમદાવાદ દલિત છાત્રાલયની સ્થાપના માટે અમદાવાદમાં આગમન. (પ્રથમ મુલાકાત) |
| ૫ ઓગસ્ટ, ૧૯૨૮ | મુંબઈ રાજ્ય વિધાન પરિષદમાં સાયમન કમિશનના સહકાર માટેની સ્થાનિક સમિતિમાં ચૂંટાયાનો પ્રસંગ. સાયમન કમિશનના રિપોર્ટથી અલગ રીતે પોતાનો રિપોર્ટ રજૂ કર્યો હતો. |
| ૨૩ ઓક્ટોબર, ૧૯૨૮ | પૂનામાં સાયમન કમિશન સમક્ષ વસ્તીના ધોરણે દલિતોને વિધાનસભામાં પ્રતિનિધિત્વ સંદર્ભમાં બે બેઠકોને બદલે બાવીસ બેઠકો આપવાની રજૂઆત. |
| ઓક્ટોબર, ૧૯૨૮ | શિક્ષણમંડળની સ્થાપના. તે દ્વારા છાત્રાલયોનો પ્રારંભ, મજૂર ચળવળનો પણ પ્રારંભ. |
| ૫ નવેમ્બર, ૧૯૨૮ | અંત્યજોધ્ધારનું મહત્ત્વનું કાર્ય. ડો. પી. જી. સોલંકીના વિધાન પરિષદમાંના તા. ૮-૯-૧૯૨૮ના ઠરાવને કારણે જ. જેમાં ઓ. બી. એસ. સ્ટાર્ટની અધ્યક્ષતામાં કમિટિની રચના જેમાં ડૉ. આંબેડકર તથા ડૉ. પી. જી. સોલંકી અને અમૃતલાલ ઠક્કરનો સમાવેશ થયો હતો. |
| ૨૨ નવેમ્બર, ૧૯૨૯ | પૂના પર્વતી મંદિર પ્રવેશ સત્યાગ્રહનો પ્રારંભ. |
| ૨ માર્ચ, ૧૯૩૦ | સુપ્રસિદ્ધ નાસિક કાલારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ સંઘર્ષનો બી. કે. ગાયકવાડના નેતૃત્વમાં પ્રારંભ. |
| ૮/૯ ઓગસ્ટ, ૧૯૩૦ | ઓલ ઈન્ડિયા ડિપ્રેસ્ડસ્ટ કલાસ કોંગ્રેસનું પ્રથમ રાજકીય અધિવેશન, નાગપુરના અધ્યક્ષપદેથી ઐતિહાસિક પ્રવચન. |
| ૬ સપ્ટેમ્બર, ૧૯૩૦ | પ્રથમ ગોળમેજી પરિષદનું નિમંત્રણ |
| ૨ ઓક્ટોબર, ૧૯૩૦ | ગોળમેજી પરિષદ માટે પ્રસ્થાન કરવાની પૂર્વ સંધ્યાએ મુંબઈના દલિતો દ્વારા દામોદર હોલમાં ડૉ. પી. જી. સોલંકીની અધ્યક્ષતામાં ભવ્ય સન્માન તથા થેલી અર્પણ. |
| ૪ ઓક્ટોબર, ૧૯૩૦ | ડૉ. આંબેડકરનું લંડન માટે વાઈસરોય ઓફ ઈન્ડિયા જહાજ દ્વારા પ્રસ્થાન. |

| | |
|---|---|
| ૧૮ ઓક્ટોબર, ૧૯૩૦ | ગોળમેજી પરિષદમાં ભારતની આઝાદી અને દલિતોની સ્વતંત્રતા માટેની ભવ્ય કામગીરી, આવેદનપત્ર સુપરત તથા ઐતિહાસિક (તા. ૨૦-૧૧-૧૯૩૦) પ્રવચન-(સ્વદેશ આવતા એન. શિવરાજના પ્રમુખ સ્થાને મુંબઈમાં ભવ્ય સન્માન) |
| ૨૪ નવેમ્બર, ૧૯૩૦ | દેવરાય વિષ્ણુનાયક (બ્રાહ્મણ)ના તંત્રીપદે 'જનતા' પત્રનો પ્રારંભ(સોમવાર), પ્રારંભમાં પાક્ષિક તા. ૩૧-૧૦-૩૧થી સાપ્તાહિક થયું. ત્યાર બાદ ભાઉરાવ કદ્રેકર (ભંડારી) તથા ગ. ની. સહસ્ત્રબુદ્ધે (સારસ્વત બ્રાહ્મણ) તંત્રીપદ સંભાળ્યું હતું. તા. ૪ ફેબ્રુઆરી, ૧૯૫૬થી જનતાનું નામ બદલી 'પ્રબુદ્ધ ભારત' કરવામાં આવ્યું હતું. |
| ૩૧ જાન્યુઆરી, ૧૯૩૧ | જનતા દ્વારા 'દલિત મસીહા' તરીકેનું સંબોધન, ખિતાબ અર્પણ. સરકાર દ્વારા જે.પી. પદ એનાયત. |
| ૨૮ જૂન, ૧૯૩૧ | નવયુવક મંડળના આમંત્રણને માન આપી અમદાવાદમાં બીજી વાર પધરામણી. (ભવ્ય સન્માન) |
| ૧૪ ઓગસ્ટ, ૧૯૩૧ | બીજી ગોળમેજી પરિષદ માટે પ્રસ્થાન કરવાની પૂર્વ સંધ્યાએ મુંબઈમાં (ગામદેવી મણિ ભુવનમાં) ગાંધી-આંબેડકર પ્રથમ મુલાકાત. (૧૫ ઓગસ્ટે પ્રસ્થાન) |
| ૭ થી ૩૧ ડિસેમ્બર, ૧૯૩૧ | બીજી ગોળમેજી પરિષદમાં સુંદર કાર્યવાહી, આંબેડકરની અલગ મતાધિકારની માંગણી બાબતે ગાંધી-આંબેડકર સંઘર્ષ, દલિતો માટેના સંવૈધાનિક અધિકારો માટે સંઘર્ષ. |
| ૨૯ જાન્યુઆરી, ૧૯૩૨ | ઈંગ્લેન્ડથી સ્વદેશાગમન. ડૉ. પી. જી. સોલંકીના પ્રમુખસ્થાને મુંબઈમાં ભવ્ય સન્માન. |
| ૭/૮ મે, ૧૯૩૨ | ઓલ ઈન્ડિયા ડિપ્રેસ્ડ ક્લાસ પરિષદ (બીજી), નાગપુર મુકામે ડૉ. આંબેડકરનું ભવ્ય સન્માન. |
| ૨૦/૨૪ સપ્ટેમ્બર, ૧૯૩૨ | અલગ મતાધિકારના સ્વીકાર સામે પૂનાની યરવડા જેલમાં ગાંધીજીના ઉપવાસ, છેવટે ગાંધીજીનો પ્રાણ બચાવવા પૂના કરાર. (આ કોમી ચુકાદા - અલગ મતધિકાર)ની ઘોષણા બ્રિટીશ વડાપ્રધાને તા. ૧૭ ઓગસ્ટ, ૧૯૩૨ના દિવસે કરી હતી |
| ૧૦ ઓક્ટોબર, ૧૯૩૨ | પૂના યરવડા જેલમાં ગાંધીજી સાથે મુલાકાત, હરિજન સેવક સંઘ વિશે સૂચનો. |
| ૨ ફેબ્રુઆરી, ૧૯૩૩ | ગાંધી-આંબેડકર મુલાકાત (યરવડા જેલ) |
| ઓક્ટોબર, ૧૯૩૪ | રાજગૃહ (દાદર)ના નવા નિવાસસ્થાને સ્થળાંતર |
| ૧૮ એપ્રિલ, ૧૯૩૫ | સરકારી લો કોલેજના પ્રિન્સિપલ પદે |
| ૨૭ મે, ૧૯૩૫ | પત્ની રામુ-રમાદેવીનું અકાળ અવસાન ૧૯૩૫ : રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની પુનાની પ્રથમ સંઘ શિબિરમાં ડૉ. આંબેડકર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા અને ડૉ. હેડગેવર સાથે અસ્પૃશ્યતા નિવારણ વિશે વિચાર વિનિમય થયો. |

| | |
|---|---|
| ૧૩ ઓક્ટોબર, ૧૯૩૫ | યેવલા (નાસિક) મુકામે થયેલી પરિષદમાં ધર્માન્તરની ઘોષણામાં પ્રતિજ્ઞા કરી કે 'ક્યાં જન્મવું તે આપણા હાથની વાત નથી, પરંતુ એક હિન્દુ તરીકે કદાપિ મરીશ નહીં.' |
| ૨૭ ઓક્ટોબર, ૧૯૩૫ | બૌદ્ધ ધર્મના પ્રકાંડ પંડિત ધર્માનંદ કૌસંબી રાજગૃહમાં ડૉ. આંબેડકરને બૌદ્ધધર્મ સ્વીકારવા સમજાવવા માટે મળ્યા. ધર્માનંદજીએ શેઠ બિરલાની સહાયથી પરેલમાં બૌદ્ધ વિહારનું નિર્માણ કર્યું. |
| ૧૫ મે, ૧૯૩૬ | જાત–પ્રાંત તોડક મંડળ (લાહોર)ના વાર્ષિક સંમેલન માટે તૈયાર કરેલું ક્રાંતિકારી પ્રવચન પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ થયું. 'The Annihilation of castes' |
| ૩૦-૩૧ મે, ૧૯૩૬ | મુંબઈ ઈલાકા મહાર પરિષદ (નાયગાંવ-મુંબઈ)માં ધર્માંતર માટે પ્રવચન મુક્તિ કયે માર્ગે'. |
| ૧૦ જૂન, ૧૯૩૬ | ઈટાલિયન બૌદ્ધભિક્ષુ સવાટેરો (લોકનાથ) રાજગૃહમાં ડૉ. આંબેડકરને બૌદ્ધધર્મ સમજાવવા માટે મળ્યા. શ્રીલંકા જઈ પત્રવ્યવહાર પણ કર્યો હતો. |
| ૧૦ જૂન, ૧૯૩૬ | મુંબઈની દેવદાસી, મુરલી, જોગણી, ગણિકાઓની પરિષદ દ્વારા ધર્માન્તરને સમર્થન. |
| ૧૫ ઓગસ્ટ, ૧૯૩૬ | સ્વતંત્ર મજૂર પક્ષ નામના રાજકીય પક્ષની સ્થાપના. |
| ૧૬ માર્ચ | મુંબઈ રાજ્ય વિધાનસભા માટે ચૂંટણીમાં સ્વતંત્ર મજૂર પક્ષના ૧૭ (૧૧ અનામત અને બે સમર્થિત સામાન્ય) ઉમેદવારોનો જવલંત વિજય. હિન્દુ મહાસભાના ઉમેદવાર લક્ષ્મણ ભોપટકરને સમર્થન. |
| ૧૬ એપ્રિલ, ૧૯૩૭ | અમૃતસરના શીખોએ સુવર્ણ મંદિરમાં પાઘડીનો સરપાવ આપ્યો. શીખ ધર્મ તરફ ઝુકાવ... |
| ૧૪ જાન્યુઆરી, ૧૯૩૮ | દલિતવર્ગો માટે હરિજન શબ્દ રાખવાના કોંગ્રેસના સરકારી બિલનો સજ્જડ વિરોધ |
| ૧૨ ફેબ્રુઆરી, ૧૯૩૮ | દલિત વર્ગ રેલવે કર્મચારી યુનિયનની પરિષદ (મનમાડ)ને સંબોધન |
| ૧૫ મે, ૧૯૩૮ | સરકારી લો કોલેજના આચાર્યપદેથી ત્યાગપત્ર. |
| ૨૨ ઓક્ટોબર, ૧૯૩૮ | અમદાવાદ પાસેના બાવળાના દલિતો દ્વારા સન્માનપત્ર, અમદાવાદના પ્રેમાભાઈ હોલમાં ભવ્ય સત્કાર. અમદાવાદની તેમની આ ત્રીજી મુલાકાત હતી. (કાવીઠાના દલિતોનો પ્રશ્ન) |
| ૬ નવેમ્બર, ૧૯૩૮ | હડતાળના હક્ક માટે મુંબઈમાં કામદારોની સફળ હડતાલ અને જંગી રેલી. |
| ૭ નવેમ્બર, ૧૯૩૮ | કામદારોના હડતાળના મૂળભૂત અધિકાર માટે લડત. કોંગ્રેસ સરકારના હડતાળ વિરોધી બિલના વિરોધમાં કામદારોની હડતાળ. |
| ૧૦ નવેમ્બર, ૧૯૩૮ | મુંબઈ રાજ્યની વિધાનસભાની કુટુંબ નિયોજનની હિમાયત કરતો કાંતિકારી પ્રસ્તાવ. (પી. જે. રોહમ દ્વારા) |

| | |
|---|---|
| ૨૯ જાન્યુઆરી, ૧૯૩૯ | સમવાય વિ. સ્વતંત્રતા/ Federation vs Freedom વિષય ઉપર પૂનાના ગોખલે સ્કૂલ ઓફ પોલિટિકલ ઈકોનોમિક્સમાં પ્રવચન, જે પાછળથી પુસ્તક આકારે પ્રસિદ્ધ થયું. |
| ૧૯૩૯ | રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પૂના ખાતેના તાલીમ વર્ગમાં આદરણીય અતિથિ તરીકે ઉપસ્થિત રહી સંબોધન કર્યું. ૫૨૫ ગણવેશધારી સ્વયં સેવકોએ સલામી આપી હતી. |
| ૧૮/૧૯ એપ્રિલ, ૧૯૩૯ | સૌરાષ્ટ્રના દલિતોના નિમંત્રણે ડૉ. આંબેડકરનું રાજકોટમાં આગમન : લોક પ્રતિનિધિત્વ સભામાં દલિતોની નિમણૂક બાબતે રાજકોટમાં ગાંધી-આંબેડકર વિચાર વિનિમય, દલિતો દ્વારા સન્માન સભા. સોરઠિયા પ્લોટ, (કેનાલ રોડ) રાજકોટ. |
| ૨૮/૨૯ એપ્રિલ, ૧૯૩૯ | નહેરુ-આંબેડકર પ્રથમ મુલાકાત. (મુંબઈ) |
| ૨૨ ડિસેમ્બર, ૧૯૩૯ | મુસ્લિમ લીગના મુક્તિદિનની ઉજવણી નિમિત્તે મુંબઈ, ભીંડી બજારની સભા-કોંગ્રેસ મંત્રીમંડળનું રાજીનામું. |
| મે, ૧૯૪૦ | મહાર પંચાયતની સ્થાપના, જે પાછળથી બૌદ્ધ પંચાયતમાં પરિવર્તન પામી. |
| ૨૨ જુલાઈ, ૧૯૪૦ | સુભાષ-આંબેડકર પ્રથમ મુલાકાત (મુંબઈ) દલિતોના પ્રશ્નો વિશે ઉભય પક્ષે વૈચારિક મતભેદ. |
| જુલાઈ, ૧૯૪૦ | સફાઈ કામદારોના સંગઠનની સ્થાપના. (મ્યુનિસિપલ કામદાર સંઘ) |
| ૨૮ ડિસેમ્બર, ૧૯૪૦ | Thought on Pakistan પાકિસ્તાન વિષે વિચારો નામનો વિચારોતેજક ગ્રંથ પ્રસિદ્ધ થયો. પાછળ ૧૯૪૬માં Pakistan or Partition નામથી (ત્રીજી આવૃત્તિ) પ્રસિદ્ધ થયો. આ ગ્રંથ પ્રિય પત્ની રામુને અર્પણ કરવામાં આવ્યો હતો. |
| ૧૫/૧૬ માર્ચ, ૧૯૪૧ | મહાગુજરાત દલિત રાજકીય ઐતિહાસિક પરિષદ, અમદાવાદમાં ચોથીવાર આગમન. ટાઉન હોલમાં પ્રમુખ તરીકે પ્રેરણાદાયી પ્રવચન. |
| ૨૧ ઓગસ્ટ, ૧૯૪૧ | રાષ્ટ્રીય સંરક્ષણ સલાહકાર સમિતિમાં નિમણૂક. |
| ૩૦ માર્ચ, ૧૯૪૨ | સ્ટેફર્ડ-ક્રીપ્સ-આંબેડકર મુલાકાત પાછળથી ક્રિપ્સ યોજનાનો વિરોધ. |
| ૧૪ એપ્રિલ, ૧૯૪૨ | ડૉ. આંબેડકર સુવર્ણ જયંતી મહોત્સવ. પોતાના જન્મ દિવસ ઉત્સવમાં પ્રથમ વાર ઉપસ્થિતિ. |
| ૨૦ જુલાઈ, ૧૯૪૨ | વાઈસરોયની કાર્યકારિણીના સભ્ય તરીકે નિમણૂક, પાછળથી મજૂર તથા પી.ડબ્લ્યૂ.ડી. બાંધકામ ખાતાનો હવાલો સોંપવામાં આવ્યો. |
| ૧૮/૧૯ જુલાઈ, ૧૯૪૨ | નાગપુરમાં અખિલ ભારતીય તૃતીય દલિત વર્ગ પરિષદ મળી. જેમાં ઠરાવ-૫ દ્વારા ઓલ ઈન્ડિયા શેડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશન નામના દલિતોના આગવા રાજકીય પક્ષની સ્થાપના કરવામાં આવી. ગુજરાતના પ્રતિનિધિ તરીકે દિવંગત પી. એમ.પટણી, આલજીભાઈ બાબરિયા વગેરેની હાજરી. |

| | |
|---|---|
| ૧૩ નવેમ્બર, ૧૯૪૨ | ભારતીય શ્રમજીવી અને વિશ્વગ્રહ વિષય ઉપર વાયુ પ્રવચન. |
| ૧૫ ડિસેમ્બર, ૧૯૪૨ | કેનેડામાં મળેલી પેસિફિક રિલેશન્સ કોન્ફરન્સમાં મોકલેલા સંશોધનપત્ર 'મિ.ગાંધી અને અછૂતોધ્ધાર' દ્વારા દલિતોનો પ્રશ્ન આંતરરાષ્ટ્રીય મંચ ઉપર મૂક્યો. (એન.શિવરાજ દ્વારા પ્રસ્તુતી) |
| ૧૬ જાન્યુઆરી, ૧૯૪૩ | સુરત આગમન : દલિતો દ્વારા સન્માન. સુરતી આગેવાનો આલજીભાઈ બાબરિયા તથા છગનભાઈ ઝવેરીની કાર્યવાહી, લશ્કરમાં ભરતી થવા દલિતોને અપીલ. દલિતો દ્વારા સન્માનપત્ર અર્પણ... |
| ૧૮ જાન્યુઆરી, ૧૯૪૩ | મહાદેવ ગોવિંદ રાનડે શતાબ્દી નિમિત્તે રાનડે-ગાંધી-ઝીણા' વિષય ઉપર ગોખલે ઈન્સ્ટિટ્યૂટ, પૂનામાં પ્રવચન જે પાછળથી ગ્રંથ સ્વરૂપે પ્રગટ થયું હતું. |
| ઓક્ટોબર, ૧૯૪૩ | ડૉ. બાબાસાહેબના પ્રયત્નોને કારણે દલિતો સામેના લશ્કરમાં ભરતી માટેના અવરોધો રદ કરવામાં આવ્યા. જેમાંથી મહાર બટાલિયનનો જન્મ થયો. |
| નવેમ્બર, ૧૯૪૩ | ડૉ. આંબેડકરની બૌદ્ધતીર્થ (કુશનગર બૌદ્ધગયા) યાત્રા. |
| ૨૮/૨૯ જાન્યુ. ૧૯૪૪ | કાનપુરમાં શેડયુલ્ડ કાસ્ટ ફેડરેશનનું ભવ્ય અધિવેશન. |
| ૩ જુલાઈ, ૧૯૪૪ | દલિતો માટે મુંબઈમાં ઈમારત હોલ બાંધવા શેડયુલ્ડ કાસ્ટ ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટની સ્થાપના. |
| ૨૩/૨૯ સપ્ટે. ૧૯૪૪ | દક્ષિણ ભારતનો ઝંઝાવતી પ્રવાસ શી.કા. ફેડરેશનની બેઠક-મદ્રાસ મ્યુનિસિપલ દ્વારા સન્માનપત્રઃ દક્ષિણ ભારતીય બૌદ્ધ સોસાયટી દ્વારા પણ સત્કાર-માનપત્ર. |
| ૬ મે, ૧૯૪૫ | કોમી કોયડો અને તેનો ઉકેલ Communal Dead Lock and Way to Solve it મુંબઈ શી.કા. ફેડરેશનની પરિષદમાં ઐતિહાસિક પ્રવચન. |
| ૨૪ જૂન, ૧૯૪૫ | What Congress and Gandhi have done to the untouchables ગાંધીજી તથા કોંગ્રેસે દલિતો માટે શું કર્યું? ગ્રંથ પ્રસિદ્ધ થયો. |
| ૮ જુલાઈ, ૧૯૪૫ | મુંબઈમાં શિક્ષણ સંસ્થા પીપલ્સ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના. |
| ૨૯/૩૦ નવે. ૧૯૪૫ | ઓલ ઈન્ડિયા શી.કા. ફેડરેશનનું અમદાવાદમાં અધિવેશન. બાબાસાહેબને (પાંચમી મુલાકાત), અમદાવાદ મ્યુનિસિપલ દ્વારા સન્માનપત્ર એનાયત. |
| ૧૩ ડિસેમ્બર, ૧૯૪૫ | જય ભીમ સૂત્રનો અધિકૃત રીતે પ્રારંભ . (નાગપુર પરિષદ) |
| ૨૩ માર્ચ, ૧૯૪૬ | બ્રિટિશ કેબિનેટ મિશનનું આગમન (તા. ૨૪-૪-૪૯) ડૉ. આંબેડકરે મિશન સમક્ષ કરેલી રજૂઆત. |
| ૩૦ માર્ચ, ૧૯૪૬ | ગાંધીજીના દલિત વિસ્તાર (વલર્લી) મુંબઈમાં રહેવાના વિરોધમાં ગાંધીજી સામે દલિતો દ્વારા કાળા વાવટા સાથે જંગી દેખાવો. |

| | |
|---|---|
| ૨૯ મે, ૧૯૪૬ | આંબેડકર-સાદોબા પાટીલ મુલાકાતઃ શાંતિ માટેની સંયુક્ત અપીલ. |
| ૨૦ જૂન, ૧૯૪૬ | મુંબઈમાં સિદ્ધાર્થ કોલેજનો પ્રારંભ (કૉલેજની પ્રક્રિયાનો પ્રારંભ એપ્રિલ - ૧૯૪૬) |
| ૮મે, ૧૯૪૬ | વાઈસરોયની કારોબારીમાંથી રાજીનામું, કારોબારીનું વિસર્જન. |
| ૩/૧૦ જુલાઈ, ૧૯૪૬ | તા. ૩-૭-૧૯૪૬ના દિવસે બંગાળ વિધાનસભા જેસોર મતવિસ્તારમાંથી (કલકત્તા) ઉમેદવારી પત્ર ભર્યું. ૧૦/૭ થયેલી બંધારણ ચૂંટણીમાં વિજય. ચૂંટણી પરિણામ તા. ૧૯-૭-૧૯૪૯. |
| ૭ જુલાઈ, ૧૯૪૬ | મુંબઈમાં કોંગ્રેસના અધિવેશન સમયે દાદાસાહેબ ગાયકવાડના નેતૃત્વમાં દલિતોના કોંગ્રેસ-ગાંધીજી સામે જંગી દેખાવો. દલિતો માટે ‘બ્લ્યુપ્રીન્ટ’ની માંગણી |
| ૧૮ જુલાઈ, ૧૯૪૬ | ડૉ. આંબેડકર-સરદાર પટેલની મુલાકાત (મુંબઈ). |
| ૨૧ જુલાઈ, ૧૯૪૬ | દલિતોના અધિકારો માટેના શ્વેતપત્ર Blue Printની માંગણી માટેના સત્યાગ્રહનો પૂનાથી પ્રારંભ (તા. ૧૨-૯-૪૬ પાટીલ - આંબેડકર વિચાર વિનિમય). |
| ૧૦ ઓક્ટોબર, ૧૯૪૬ | Who Were the Shudrs? શુદ્રોની શોધ નામક ગ્રંથ પ્રસિદ્ધ થયો. |
| ૧૪/૧૫ ઓક્ટોબર, ૧૯૪૬ | દલિતોના રાજકીય અધિકારો માટે ઈંગ્લેન્ડનો પ્રવાસ અને પ્રયત્નો. અંગ્રેજોની આલોચના. : નવેમ્બર, ૧૯૪૬ : ‘અંગ્રેજોએ દલિતોને દગો કર્યો છે’ કરાચીથી કરેલું નિવેદન. |
| ૧૭ ડિસેમ્બર, ૧૯૪૬ | અખંડ ભારતની હિમાયત કરતું (બંધારણ સભામાં) પ્રથમ ઐતિહાસિક પ્રવચન. |
| ૧૫ માર્ચ, ૧૯૪૭ | રાજ્યને અને લઘુમતીઓ તથા તેમના અધિકારો The state and Minorities નામનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો. મેમોરેન્ડમ તરીકે સરકારમાં સુપ્રત કર્યું. જે ગ્રંથ તરીકે પ્રસિધ્ધ થયો. |
| ૨૩ જુલાઈ ૧૯૪૭ | બંધારણ સભામાં મુંબઈમાંથી પુનઃ બિનહરીફ ચૂંટાયા. |
| ૩ ઓગસ્ટ, ૧૯૪૭ | સ્વતંત્ર ભારતના પ્રથમ મંત્રીમંડળમાં કાનૂન મંત્રી તરીકે તેમના નામની જાહેરાત. |
| ૨૯ ઓગસ્ટ, ૧૯૪૭ | ભારતના બંધારણની મુસદ્દો સમિતિના (DRAFTING COMMITTEE) સભ્ય તરીકે અને ત્યારબાદ અધ્યક્ષપદે સર્વાનુમતે વરણી. |
| ૨૫ જાન્યુઆરી, ૧૯૪૮ | શી. કા. ફેડરેશન લખનૌ અધિવેશનના મુખ્ય મહેમાનપદેથી ઐતિહાસિક પ્રવચન. |
| ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ | ગાંધીજીની સ્મશાનયાત્રામાં શંકરરાવ દેવ (કોંગ્રેસી નેતા) સાથે થોડો સમય જોડાયા. સાંધાના દુખાવાને કારણે વધારે રોકાઈ શક્યા નહીં. ૩૦મી જાન્યુઆરીએ બિરલાભવને અંતિમ દર્શન માટે ગયા હતા. |
| ૧૦ માર્ચ, ૧૯૪૮ | પી. લક્ષ્મી નરસુના પુસ્તક બૌદ્ધ ધર્મનો સાર, Essence of Buddhismની પ્રસ્તાવના લખીઃ તેનું પુનઃમુદ્રણ કરાવ્યું. |

| | |
|---|---|
| ૧૫ એપ્રિલ, ૧૯૪૮ | ડૉ. કુ. શારદા (લક્ષ્મી) કબીર સારસ્વત બ્રાહ્મણ મહિલા જોડે પુનઃલગ્ન પછીનું નામ ડૉ. સવિતા આંબેડકર. (દિલ્હી) |
| એપ્રિલ-મે, ૧૯૪૮ | સિલેટ કમિટીના અધ્યક્ષ તરીકે હિન્દુ કોડ બિલની કાર્યવાહીમાં પ્રવૃત્ત. |
| ૧૮ ઓક્ટોબર, ૧૯૪૮ | ૧ જાન્યુઆરી, ૧૯૪૮માં પૂર્ણ કરેલ ગ્રંથ 'The Untouchables/અસ્પૃશ્યો' પ્રસિદ્ધ થયો. પ્રકાશક અમૃત કંપની, દિલ્હી. ગ્રંથમાં તેમણે અસ્પૃશ્યો એક સમયે બૌદ્ધ હતા તે પુરવાર કર્યું છે. |
| ૨૫ ઓક્ટોબર, ૧૯૪૮ | 'જનતા' મરાઠી સાપ્તાહિકનું પુનઃપ્રકાશનઃ પ્રારંભમાં શ્રી આર. ડી.ભંડારે તંત્રી, ત્યારબાદ શ્રી બી.સી. કાંબળે તંત્રીપદે આવ્યા. |
| ૪ નવેમ્બર, ૧૯૪૮ | બંધારણનો મુસદ્દો, બંધારણસભાને સમર્પણ, ડૉ. આંબેડકરનું ઐતિહાસિક પ્રવચન. |
| ૨૦ સપ્ટેમ્બર, ૧૯૪૯ | રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ઉપરથી પ્રતિબંધ ઊઠતાં ગુરુજી માધવ સદાશિવ ગોલવશંકર ડૉ. બાબાસાહેબનો આભાર માનવા રૂબરૂ તેમના દિલ્હીના નિવાસસ્થાને તિલક એવન્યુ મળ્યા હતા. અલબત્ત તા. ૧૮ જુલાઈ, ૧૯૪૯ના રોજ પત્ર લખી આભાર માન્યો જ હતો. |
| ૨૫ નવેમ્બર, ૧૯૪૯ | સંવિધાન સમર્પણ : સમાપનનું કામચલાઉ ઐતિહાસિક પ્રવચન, બંધારણ સભાના સભ્યો દ્વારા બહુમાન-અભિનંદન. પ્રસ્તાવ દ્વારા આ બંધારણ સભાનું પાર્લામેન્ટમાં પરિવર્તન કરવામાં આવ્યું. |
| ૨૪ ફેબ્રુઆરી, ૧૯૫૦ | લોકસભામાં હિન્દુ કોડ બિલ પ્રસ્તુત કર્યું. |
| ૨ મે, ૧૯૫૦ | દિલ્હીમાં બુદ્ધપૂર્ણિમા જયંતી ઉત્સવના પ્રમુખ અતિથિ તરીકે બૌદ્ધધર્મ પર પ્રથમ જાહેર પ્રવચન. |
| મે, ૧૯૫૦ | કલકત્તા "MAHA BODHI'/મહાબોધિ સામયિકમાં લેખ પ્રસિદ્ધ થયો. વિષય હતો. 'ભગવાન બુદ્ધ અને તેમના ધર્મનું ભાવિ.' |
| ૨૫/૭ મે-જૂન, ૧૯૫૦ | વિશ્વ બૌદ્ધ પરિષદમાં હાજરી, શ્રીલંકાનો પ્રવાસ : ભારતમાં બૌદ્ધ ધર્મનું ઉત્થાન અને પતનઃ એ વિષય ઉપર કોલંબોમાં પ્રવચન આપ્યું. |
| ૧૫ જૂન, ૧૯૫૦ | પીપલ્સ એજ્યુકેશન સોસાયટી દ્વારા ઔરંગાબાદમાં મિલિંદ મહાવિદ્યાલયનો પ્રારંભ. |
| ૮ ફેબ્રુઆરી, ૧૯૫૧ | કલકત્તાના મહાબોધિ સામયિકમાં ભારતીય મહિલા ઉત્થાન અને પતનના જવાબદાર પરિબળો વિશે લેખ. |
| ૧૫ એપ્રિલ, ૧૯૫૧ | આંબેડકર ભવન દિલ્હીના મકાનનો શિલાન્યાસ કર્યો. (રાની ઝાંસી રોડ) |
| જુલાઈ, ૧૯૫૧ | બૌદ્ધજન સમિતિની સ્થાપના, જેનું ભારતીય બૌદ્ધ મહાસભામાં રૂપાંતર થયું. |
| ૧ સપ્ટેમ્બર, ૧૯૫૧ | રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના હસ્તે મિલિંદ મહાવિદ્યાલયના મકાનની શિલારોપણ વિધિ, ઔરંગાબાદ, (મરાઠાવાડ-મહારાષ્ટ્ર) |

| | |
|---|---|
| ૧૧ ઓક્ટોબર, ૧૯૫૧ | હિન્દુ કોડ બિલ પસાર ન થતાં નહેરુ મંત્રીમંડળમાંથી રાજીનામું આપ્યું. વિરોધ પક્ષના નેતા તરીકે લોકસભામાં આવકાર. પ્રજાસત્તાક ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણી સમયે ડૉ. આંબેડકર પોતાના પક્ષનો પ્રચાર કરવા અમદાવાદ આવવાના હતા, પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે આવી શક્યા નહીં, પરિણામે તેમનાં પત્ની ડૉ. સવિતા આંબેડકર તા. ૩૦-૧૨-૧૯૫૧ના દિવસે અમદાવાદ આવ્યા હતાં. |
| ૫ જૂન, ૧૯૫૨ | અમેરિકાની કોલંબીયા યુનિવર્સિટીએ તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીના મહાન કાર્ય માટે સન્માન કરી ડૉ. ઓફ લોઝ (Doctor of laws)ની માનદ્ પદવી અર્પણ કરી સન્માન કર્યું. (૨ જૂન, વિમાન દ્વારા મુંબઈથી ન્યૂયોર્ક પહોંચ્યા હતા.) |
| ૧૨ જાન્યુ. ૧૯૫૩ | હૈદરાબાદની ઉસ્માનિયા યુનિવર્સિટીએ ડોક્ટર ઓફ લિટરેચર (Doctor of Literature) ડી.લીટ.ની માનદ્ પદવી અર્પણ કરી સન્માન કર્યું. |
| જૂન, ૧૯૫૩ | સિદ્ધાર્થ કોલેજ ઓફ કોમર્સ એન્ડ અર્થશાસ્ત્રનો પ્રારંભ. |
| જાન્યુઆરી, ૧૯૫૪ | પેરિયાર રામસ્વામી નાયકર સાથે બૌદ્ધધર્મ વિશે વિચાર વિનિમય, પેરિયારને બૌદ્ધધર્મ સ્વીકારવાની સલાહ. |
| ૭ મે, ૧૯૫૪ | ભંડારા (વિદર્ભ) વિભાગની લોકસભાની પેટા ચૂંટણીમાં પુનઃ પરાજય. |
| ૭/૧૨ મે, ૧૯૫૪ | રંગૂન (બર્મા) બુદ્ધજયંતી ઉત્સવમાં હાજરી (તે પૂર્વ પૂ. ભિક્ષુ આર્યવંશ મહાથેરોના હસ્તે પંચશીલ ત્રિશરણ ગ્રહણ), દિલ્હી, |
| ૨૬ ઓગસ્ટ, ૧૯૫૪ | તિબેટ બાબતે પુનઃ વિચારણા કરવા રજૂઆત-તિબેટની સ્વતંત્રતાની હિમાયત. |
| ૩ ઓક્ટોબર, ૧૯૫૪ | મારું વ્યક્તિગત તત્ત્વજ્ઞાન, વિષય પર મનનીય વાયુ પ્રવચન (આકાશવાણી, દિલ્હી). |
| ૨૯ ઓક્ટોબર, ૧૯૫૪ | હીરક મહોત્સવની ઉજવણી, એક લાખ ૧૮ હજાર રૂપિયાની થેલી અર્પણ, જેનો ઉપયોગ ઈમારત–-હોલ બનાવવા કરાયો. મુખ્ય સંયોજક શાન્તારામ અન્નાજી ઉપાશામ-ગુરુજી જી. ટી. પરમાર. |
| નવેમ્બર, ૧૯૫૪ | પ્રબુદ્ધ ભારત મરાઠી સાપ્તાહિકનો પ્રારંભ, તંત્રી-યશવંતરાવ આંબેડકર (જનતા સાપ્તાહિકનું નવું નામ પ્રબુદ્ધ ભારત) |
| ૨૫ ડિસેમ્બર, ૧૯૫૫ | દેહુ રોડ (જિ. પૂના)માં આંબેડકરની બૌદ્ધ પ્રવૃત્તિના પ્રથમ બુદ્ધ વિહારનું ઉદ્ઘાટન (બર્માથી લાવેલી બુદ્ધ મૂર્તિનું પ્રસ્થાપન) |
| ૨૩ ડિસેમ્બર, ૧૯૫૫ | 'The Thought on Linguistic States' અને 'The Revolution and Counter Revolution' નામક બે ગ્રંથોનું લેખન પરિપૂર્ણ કર્યું. |
| ૨ ફેબ્રુઆરી, ૧૯૫૫ | ભારતીય બૌદ્ધ મહાસભાની સ્થાપના રજી. નં. F/૯૮૨/Bombay / ૩૨૨૭/૫૫. |

| | |
|---|---|
| ૧ મે, ૧૯૫૬ | લંડન બી.બી.સી.ના ઉપક્રમે મને બૌદ્ધ ધર્મ કેમ ગમે છે? તે વિષય પર વાયુ પ્રવચન. |
| ૨૪ મે, ૧૯૫૬ | નહેરુ પાર્ક (મુંબઈ)ના બુદ્ધજયંતી ઉત્સવમાં પ્રમુખ અતિથિ તરીકે હાજરી તેમજ પોતે બૌદ્ધ ધર્મ સ્વીકારશે તેની અધિકૃત ઘોષણા. ડૉ. આંબેડકરની મુંબઈની આ અંતિમ સભા હતી. |
| જૂન ૧૯૫૬ | સિદ્ધાર્થ (લૉ) કોલેજનો પ્રારંભ, મુંબઈ. |
| ૩૦ સપ્ટેમ્બર, ૧૯૫૬ | પોતાની પરિકલ્પના પ્રમાણે સક્ષમ વિરોધ પક્ષની ભારતીય રિપબ્લિકન પક્ષની ઘોષણા. |
| ૧૪/૧૫ ઓક્ટો. ૧૯૫૬ | અશોક વિજયા દશમીએ વિશ્વનું વિરલ ધર્માન્તરણ, લાખો લોકો સાથે હિન્દુ ધર્મનો ત્યાગ કરી બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. પંચશીલ, ત્રિશરણ, બાવીસ પ્રતિજ્ઞાનો સ્વીકાર. |
| ૧૫/૨૦ નવે. ૧૯૫૬ | ચતુર્થ વિશ્વ બૌદ્ધ પરિષદ, કાઠમંડુ (નેપાળ)માં હાજરી. બૌદ્ધ ધર્મનેતા તરીકે બહુમાન. બુદ્ધ અને કાર્લમાર્કસ વિષે પ્રવચન. |
| ૨૩/૨૭ નવે. ૧૯૫૬ | (લુમ્બિની બૌદ્ધગયા, સારનાથ (બનારસ) કુશીનગર ઈત્યાદિ બૌદ્ધતીર્થોની યાત્રા. બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા' વિષય ઉપર પ્રવચન. સારનાથમાં બુદ્ધપૂજા અને પ્રવચન-સન્માન. |
| ૫ ડિસેમ્બર, ૧૯૫૬ | જૈન પ્રતિનિધિ મંડળની મુલાકાત. રાત્રે પોતાના મહાન ગ્રંથ The Buddha and His Dhammaની પ્રસ્તાવના પૂર્ણ કરી. |
| ૬ ડિસેમ્બર, ૧૯૫૬ | દિલ્હી ખાતેના ૨૬, અલીપુર રોડ પરના નિવાસસ્થાને પ્રભાતે પરિનિર્વાણ. લોકસભા-રાજ્યસભા મુલતવી રહી. તેમના પાર્થિવ દેહને દિલ્હીથી વિમાન દ્વારા મુંબઈ લાવવામાં આવ્યા. |
| ડિસેમ્બર, ૧૯૫૬ | મુંબઈ (દાદર)ના શિવાજી ચોપાટી જેને ડૉ. આંબેડકર ચૈત્યભૂમિ તરીકે ઓળખવામાં આવે છે ત્યાં બૌદ્ધવિધિ પ્રમાણે અંતિમસંસ્કાર પરિપૂર્ણ થયા. |
| ૧૪ એપ્રિલ, ૧૯૯૦ થી | સમગ્ર વિશ્વમાં બોધિસત્ત્વ ડૉ. બાબાસાહેબ આંબેડકર શતાબ્દી ઉત્સવનો પ્રારંભ, લોકસભા (સંસદ) ગૃહમાં તેમના તૈલચિત્રની સ્થાપના તેમજ મરણોત્તર ભારત રત્નથી બહુમાન. ૧૯૯૦થી બૌદ્ધોને અનુસૂચિત જાતિ તરીકેની સવલતો આપવા સંવૈધાનિક સુધારો. |



**પ્રકાશક :** માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**મુદ્રક :** સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ